RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 204* Date: 22.05.2022 Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રાહુલ ગાંધીએ પાકિસ્તાન સાથે કરી ભારતની તુલના

# ભારતમાં સ્થિતિ સારી નથી, ભાજપે ચારેબાજુ કેરોસિન છાંટીને રાખ્યું છે : રાહુલ ગાંધી

નવીદિલ્હી,તા.૨૧

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ભારતની તુલતા પાકિસ્તાન સાથે કરીને ખળભળાટ મચાવ્યો છે. એટલું જ નહીં, રાહુલે જણાવ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કોઈનું સાંભળતા નથી. ભારતનું લોકતંત્ર ખતરામાં છે અને સંવૈધાનિક સંસ્થાઓ પર હુમલાઓ કરવામાં આવી રહ્યા છે. કેમ્બ્રિઝ યુનિવર્સિટીમાં આઈડિયાજ ફોર ઈન્ડિયા સંમેલનમાં હાજરી આપતા રાહુલ ગાંધીએ જણાવ્યું છે કે બીજેપીએ સમગ્ર દેશમાં કેરોસીન ફેલાવ્યું છે અને રાજયોની શક્તિઓ ઓછી કરવા માટે ઈડી, સીબીઆઈનો ઉપયોગ કર્યો છે. ભારતના અવાજને એક વિચારધારાએ કચડ્યો છે અને હવે એક રાષ્ટ્રીય વૈચારિક લડાઈ છે. ભારતમાં મીડિયા એકતરફી વ્યવહાર કરતું હોવાનો પણ આરોપ લગાવ્યો છે.

રાહુલ ગાંધીએ લંડનની કેમ્બ્રિઝ યુનિવર્સિટીમાં યોજાયેલા સંમેલનમાં શુક્રવારે ભાજપ પર આકરા પ્રહારો કર્યા. રાહુલ ગાંધીએ જણાવ્યું છે કે કોંગ્રેસ પહેલા જેવું ભારત બનાવવા માંગે છે. તેણા માટે લડાઈ લડી રહી છે,



જ્યારે બીજેપી અમારી અવાજને દબાવવાની કોશિશ કરી રહ્યું છે. રાહુલે ચીનને લઈને પણ કેન્દ્ર સરકારને ઘેરી હતી.

રાહુલે જણાવ્યું કે, અમારી પાર્ટી ભારતને ફરીથી મેળવવા માટે લડી રહી છે. તેમણે જણાવ્યું કે બીજેપી લોકોનો અવાજ દબાવે છે, જ્યારે અમે લોકોનો અવાજ સાંભળવા માટે કામ કરી રહ્યા છીએ. કોંગ્રેસ નેતાએ જણાવ્યું કે ભારત હવે તે સંસ્થાનો પર હુમલાઓ કરી રહ્યું છે, જેમણે દેશનું નિર્માણ કર્યું છે, જેના પર હવે ડીપ સ્ટેટનો કબ્જો છે. રાહુલ ગાંધીની સાથે આઈડિયાઝ ફોર સંમેલનમાં સામેલ થવા સીતારામ યેચુરી, સલમાન ખુર્શીદ, તેજસ્વી યાદવ, મહુઆ મોહત્રા અને મનોજ ઝા સહિત વિપક્ષના નેતા પહોંચ્યા છે.

રાહુલ ગાંધીએ જયારે લોકતંત્રને લઈને સવાલ પુછવામાં આવ્યો તો તેમણે જણાવ્યું કે, હવે દરેક સંસ્થાન પર સરકારે કબજો કરી લીધો છે. દરેક સંસ્થાન પર હુમલો કરવામાં આવી રહ્યો છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે લોકો કહે છે કે અમારી પાસે બીજેપી જેવા ઉમેદવાર છે. અમે કહીએ છીએ કે જો અમારી પાસે બીજેપી જેવા ઉમેદવાર છે, તો અમે બીજેપી હોઈશું. જ્યારે બીજેપી તો અવાજ દબાવી રહી છે. અમે તમામનો અવાજ સાંભળીએ છીએ. અમે લોકોને સાંભળવા માટે છીએ. રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું છે કે બીજેપી સરકારમાં રોજગારી ઓછા થયા છે. તેમ છતાં ધ્રુવીકરણના કારણે સત્તામાં છે. ભારતમાં આજે સ્થિતિ સારી નથી. બીજેપીએ ચારે તરફ કેરોસિન છાંટીને રાખ્યું છે. પરંતુ આજે અમે કહી રહ્યા છીએ કે અમારી પાસે એક એવું ભારત છે જ્યાં અલગ અલગ વિચાર રાખી શકો છો અને આપણે વાતચીત કરી શકીએ છીએ.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ ભારતને ફરીથી મેળવવા માટે લડી રહીછે. આ હવે એક વૈચારિક લડાઈ છે, એક રાષ્ટ્રીય વૈચારિક લડાઈ. બીજેપી અને સંઘ તો ભારતને એક ભૂગોળની જેમ જોવે છે, પરંતુ કોંગ્રેસ માટે ભારત લોકોને સાથે રાખીને બનાવે છે. જોકે, તેમણે એવું પણ જણાવ્યું છે કે કોંગ્રેસમાં અંદરોઅંદર લડાઈ, બળવો, પક્ષપલટા અને ચૂંટણીમાં હાર સાથે ઝઝૂમી રહી છે.

ભારતમાં માનવાધિકારોના ઉલ્લંઘનની ઘટનાઓને અમેરિકા દ્વારા ઉઠાવવામાં આવ્યા બાદ રાહુલ ગાંધીએ જણાવ્યું, આપણે એ જણાવવાની જરૂરિયાત નથી કે ભારતમાં ધ્રુવીકરણ છે. અમે પોલરાઈજેશનથી લડી રહ્યા છીએ. કોંગ્રેસ સહિત વિપક્ષ આજ લડાઈ લડી રહ્યો છે.

## કર્ણાટકમાં આફતનો વરસાદ: ભારે વરસાદથી દુર્ઘટનામાં ૯ લોકોના મોત નિપજયાં

### રાજ્યની તમામ શાળાઓ અને કોલેજો બંધ; ખેડુતોનો પાક પણ નાશ પામ્યો

બેંગ્લોર,તા.૨૧

કર્ણાટકમાં પ્રિ-મોન્સૂનની દસ્તકને કારણે હાહાકાર મચી ગયો છે. ભારે વરસાદને કારણે સ્થળોએ પાણી ભરાવાને કારણે દુર્ઘટના સર્જાઈ હતી. જેના કારણે નવ લોકોના મોત થયા છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. સાવચેતીના ભાગરૂપે તમામ શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. રાહત અને બચાવ કામગીરી માટે દ્રઢઈહ્નની ચાર ટીમો તહેનાત કરવામાં આવી છે. વરસાદને કારણે ૨૩ મકાનોને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. મહેસુલ મંત્રી આર. અશોકે કહ્યું કે ચિકમંગલુર, દક્ષિણ કન્નડ, ઉડુપી, શિવમોગા, દાવણગેરે, હસન અને ઉત્તર કન્નડ જિલ્લામાં હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યું છે. કર્ણાટકના મુખ્યમંત્રી બીએસ બોમ્મઈએ બેંગ્લોરના વરસાદથી અસરગ્રસ્ત ઘણા વિસ્તારોની મુલાકાત લીધી હતી.

કર્ણાટકના મુખ્યમંત્રી બીએસ બોમ્મઈએ બેંગ્લોરના વરસાદથી અસરગ્રસ્ત ઘણા વિસ્તારોની મુલાકાત લીધી હતી. કર્ણાટકમાં સતત પડી રહેલા ભારે વરસાદને કારણે રાજયના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ભૂસ્ખલનનું જોખમ વધી ગયું છે. હવામાન વિભાગે બે અને દિવસો સુધી ભારે વરસાદની આગાહી કરી છે. જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાએ ઉત્તરા કન્નડ જિલ્લામાં ભૂસ્ખલનની ચેતવણી જારી કરી છે.વિવિધ સ્થળોએ પાણી ભરાવાના કારણે સામાન્ય લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વરસાદને કારણે ૨૦૪ હેક્ટર ખેતી અને ૪૩૧ હેક્ટર બાગાયતી પાકને નુકસાન થયું છે. આગામી દિવસોમાં વરસાદની ચેતવણીના કારણે ખેતરોમાં ઉભા પાકને વધુ નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. આસામમાં, ભારે વરસાદને કારણે, પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનથી પાટા નીચેની જમીન ધસી ગઈ હતી અને પાટા હવામાં ઝૂલવા લાગ્યા હતા.

આસામમાં પણ વરસાદ બાદ આવેલા પૂરે હાહાકાર મચાવી દીધો હતો. આસામમાં પૂર એવું હતું કે અનેક રેલવે સ્ટેશનોના પાટા પર કાદવ અને પાણી ભરાઈ ગયું હતું. ડિટોકચેરા રેલવે રૂટ પર ટ્રેનમાં કેટલાય મુસાફરો ફસાયા હતા. તેઓને એરલિફ્ટ કરીને બહાર કાઢવામાં આવ્યા હતા. પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનને કારણે પાટા નીચેની જમીન ધસી પડી હતી અને પાટા હવામાં ઝૂલવા લાગ્યા હતા. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના આંકડા અનુસાર આસામમાં પૂરના કારણે ૯ લોકોના મોત થયા છે. રાજ્યના ૨૭ જિલ્લાઓમાં ૬.૬૨ લાખથી વધુ લોકો પૂરથી અસરગગ્રસ્ત થયા છે. તેમાંથી સૌથી વધુ ૨.૮૮ લાખ લોકો માત્ર નાગાંવ જિલ્લાના છે.

## ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડના ૨,૩૨૩ નવા કેસ




નવીદિલ્હી,તા.૨૧

શનિવાર સવાર સુધીમાં છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોવિડ-૧૯ના ૨,૩૨૩ નવા કેસ નોંધાયા છે. આજના દૈનિક કેસો ગઈકાલના કેસ કરતાં થોડા વધુ છે. ગઈકાલે એક દિવસમાં ૨,૨૫૯ નવા કેસ નોંધાયા હતા. તાજેતરના આંકડાઓ અનુસાર, કોરોનાના કુલ સક્રિય કેસ ૧૫,૦૦૦ની આસપાસ ચાલી રહ્યા છે. છેલ્લા એક દિવસમાં મૃત્યુઆંકમાં ૨૫ નવા મોતનો ઉમેરો થયો છે. તેમાંથી કેરળમાં બેકલોગ મૃત્યુ તરીકે ૨૩ મૃત્યુ ઉમેરાયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના તાજેતરના ડેટા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ની સારવાર હેઠળના દર્દીઓની સંખ્યામાં ૪૮ નો ઘટાડો નોંધવામાં આવ્યો છે.

કોરોનાના આજના આંકડા જોઈએ તો -છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨,૩૨૩ નવા કેસ નોંધાયા છે.,-કુલ ૨૫ મૃત્યુ ઉમેરવામાં આવ્યા હતા, જેમાંથી કેરળમાં બેકલોગ મૃત્યુ તરીકે ૨૩ મૃત્યુ ઉમેરાયા હતા.,-ભારતમાં સક્રિય કેસનો દર હાલમાં 0.03% છે. સક્રિય કેસની કુલ સંખ્યા ૧૪,૯૯૬ છે.,પુનઃપ્રાપ્તિ દર ૯૮.૭૫% છે. ૨૪ કલાકમાં ૨,૩૪૬ લોકો કોરોના સંક્રમણથી સાજા થયા છે. અત્યાર સુધીમાં દેશમાં કોવિડથી સાજા થયેલા - લોકોની સત્તાવાર સંખ્યા ૪,૨૫,૯૪,૮૦૧ છે.,-દૈનિક હકારાત્મકતા દર 0.47% છે.

## દિલ્હીમાં ભારે વરસાદ,રાજનાથ સિંહની ફ્લાઈટ સહિત અનેક વિમાનો ડાયવર્ટ કરાયા

નવીદિલ્હી,તા.૨૧

દિલ્હીમાં ભારે વરસાદને કારણે ઘણી ફ્લાઈટો ડાયવર્ટ કરવામાં આવી હતી.ભારે વરસાદને કારણે રક્ષા મંત્રી રાજનાથ સિંહની ફ્લાઈટ સહિત ઓછામાં ઓછી ૧૧ ફ્લાઈટ ડાયવર્ટ કરવામાં આવી હતી. એરપોર્ટ પર હાજર સૂત્રો દ્વારા આ માહિતી આપવામાં આવી છે. દેશની રાજધાની દિલ્હી અને એનસીઆરના લોકોને છેલ્લા ઘણા દિવસોથી પડી રહેલી આકરી ગરમીમાંથી થોડી રાહત મળી છે.



સૂત્રોએ જણાવ્યું હતું કે ખરાબ હવામાનને કારણે રક્ષા મંત્રી રાજનાથ સિંહની ફ્લાઈટને આગ્રા ડાયવર્ટ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સંરક્ષણ પ્રધાન ગુજરાતના વડોદરામાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં એક કાર્યક્રમમાં હાજરી આપીને દિલ્હી પરત ફરી રહ્યા હતા, જ્યાં તેમણે એક જાહેર સભાને સંબોધી હતી.ગઈકાલે સાંજે દિલ્હી-એનસીઆરના આકાશમાં વાદળોએ ધામા નાખ્યા હતા અને થોડા સમય માટે વરસાદ શરૂ થયો હતો. નોંધપાત્ર રીતે, આગામી સપ્તાહ સુધી થોડી રાહત મળી શકે છે, કારણ કે વાદળછાયું, વાવાઝોડું, ઝરમર વરસાદ જેવી હવામાન પ્રવૃત્તિઓ આગામી સાત દિવસમાં રહેશે.

દિલ્હીના લોકોએ વરસાદ અને ધૂળની ડમરીઓથી રાહતનો શ્વાસ લીધો હતો. હવામાનની આગાહી મુજબ, રાષ્ટ્રીય રાજધાનીની જેમ, ઉત્તર ભારતના ઘણા ભાગોમાં આવતા અઠવાડિયે કાળઝાળ ગરમીમાંથી રાહત મળવાની ધારણા છે.

હવામાન આગાહી એજન્સી સ્કાયમેટના વાઈસ પ્રેસિડેન્ટ મહેશ પલાવતે જણાવ્યું હતું કે, "એક પછી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ગરમીમાંથી તૂટક તૂટક રાહત આપશે. એક સપ્તાહ સુધી ગરમીની લહેર આવવાની કોઈ શક્યતા નથી." આગામી થોડા દિવસોમાં ઉત્તર ભારતના ઘણા ભાગોમાં કરા અને મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. દિલ્હીના પ્રાથમિક વેધર સ્ટેશન સફદરજંગ ઓબ્ઝર્વેટરીમાં મહત્તમ તાપમાન ૪૪.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં પાંચ ડિગ્રી વધારે હતું. હવામાન વિભાગે દિલ્હી, પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં કરા અને વાવાઝોડા માટે 'ઓરેન્જ એલર્ટ' પણ જારી કર્યું છે.

## 'કો-લોકેશન' કેસ: ૧૨ સ્થળે સીબીઆઇના દરોડા, મુંબઈ, ગાંધીનગર સહિતના સ્થળોએ કાર્યવાહી

નવીદિલ્હી,તા.૨૧

સીબીઆઈ દ્વારા દિલ્હી, મુંબઈ અને કોલકાતા ખાતે અનેક બ્રોકર્સના ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે. આ બોર્કર્સ દ્વારા એનએસઈની કો લોકેશન સુવિધાનો કથિત દુરૂપયોગ કરવામાં આવતો હોવાની માહિતીના પગલે આ પ્રકારે દરોડા પાડવામાં આવ્યા છે. કેન્દ્રીય તપાસ એજન્સીએ એનએસઈ કો-લોકેશન કૌભાંડ મામલે આજે એક મોટી કાર્યવાહી હાથ ધરી છે. એક અહેવાલ પ્રમાણે એજન્સીના અધિકારીઓએ દિલ્હી, મુંબઈ, કોલકાતા, ગાંધીનગર, નોએડા અને ગુરૂગ્રામ ખાતે ૧૦થી વધારે સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. આ તમામ સ્થળો આ કેસ સાથે સંબંધીત બ્રોકર્સ સાથે સંકળાયેલા છે.

ગુજરાતમાં ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે ટોચના સ્ટોક બ્રોકરની ઓફિસમાં આ અંગેનો દરોડો પડ્યો છે. એનએસઈના કો-લોકેશન દ્વારા કથિતરૂપે ફાયદો મેળવનારા સ્ટોક બ્રોકર્સની તપાસ ચાલી રહી છે. એનએસઇના પૂર્વ વડા અને હાલ જેલમાં છે તે ચિત્રા રામકૃષ્ણ સાથે આ કેસ જોડાયેલો હોય એવી શક્યતા છે. ચિત્રા સામે કો લોકેશન કેસમાં બ્રોકરને મદદગારી કરવાનો આરોપ છે.

ઉલ્લેખનીય છે કે, ગયા મહિને ઈડીએ નવી દિલ્હી અને ગુરૂગ્રામમાં નવ જેટલા સ્થળોએ કો લોકેશન કેસ મામલે દરોડા પાડ્યા હતા. નેશનલ સ્ટોક એક્સચેન્જ કો-લોકેશન કેસમાં વર્ષ ૨૦૧૮માં એફઆઈઆર દાખલ થઈ હતી. હકીકતે શેરના ખરીદ-વેચાણ માટેના કેન્દ્ર એવા દેશના પ્રમુખ નેશનલ સ્ટોક એક્સચેન્જના કેટલાક બ્રોકર્સને એવી સુવિધા આપવામાં આવી હતી કે, જેથી તેમને અન્યની સરખામણીએ થોડી વહેલી શેરની કિંમતોની ખબર પડી જતી હતી. તેનો ફાયદો લઈને તેઓ ભારે નફો કમાઈ રહ્યા હતા. તેના લીધે એનએસઈના ડિમ્યુચ્યુલાઈઝેશન અને પારદર્શિતા આધારીત માળખાનું ઉલ્લંઘન થઈ રહ્યું હતું.

## રાજીવ ગાંધીની ૩૧મી પુણ્યતિથિ પર સોનિયા ગાંધી, રાહુલ-પ્રિયંકાએ શ્રદ્ધાંજલિ આપી

નવીદિલ્હી,તા.૨૧

દેશ આજે ભારતના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને તેમની ૩૧મી પુણ્યતિથિએ યાદ કરી રહ્યો છે. આ દિવસે ૧૯૯૧માં રાજીવ ગાંધીની આત્મઘાતી બોમ્બ વિસ્ફોટમાં હત્યા કરવામાં આવી હતી. કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીએ પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને તેમની ૩૧મી પુણ્યતિથિએ દિલ્હીમાં વીર ભૂમિ ખાતે શ્રદ્ધાંજલિ આપી છે. રાહુલ ગાંધીએ એક વીડિયો ટ્વીટ કરીને પિતા રાહુલ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી.



વીડિયો શેર કરતા રાહુલે લખ્યું, "મારા પિતા એક સ્વપ્નદ્રષ્ટા નેતા હતા જેમની નીતિઓએ આધુનિક ભારતને આકાર આપવામાં મદદ કરી. તેઓ એક દયાળુ અને દયાળુ માણસ હતા, અને મારા અને પ્રિયંકાના અદ્ભુત પિતા હતા, જેમણે અમને માફ કર્યા હતા." અને સહાનુભૂતિનું મૂલ્ય શીખવ્યું. હું તેને ખૂબ જ યાદ કરું છું અને અમે બંનેએ સાથે વિતાવેલો સમય."

આ ઉપરાંત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી છે. તેમણે ટ્વિટ કરીને કહ્યું કે, આપણા પૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ. કોંગ્રેસના નેતાઓ પી ચિદમ્બરમ અને સચિન પાયલોટે પણ ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીને તેમની ૩૧મી પુણ્યતિથિએ દિલ્હીમાં વીર ભૂમિ ખાતે શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે સચિન પાયલોટે ટ્વીટ કરીને કહ્યું, "ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી રાજીવ ગાંધીજીને નમ્ર શ્રદ્ધાંજલિ, જેમણે ભારતમાં કોમ્પ્યુટર અને ટેલિકોમ્યુનિકેશન ક્રાંતિનો પાયો નાખ્યો, ૨૧મી સદીના આધુનિક ભારતના આર્કિટેક્ટ. રાજીવ જી, જેમણે ભારતમાં કમ્પ્યુટર અને દૂરસંચાર ક્રાંતિનો પાયો નાખ્યો. આપણા માટે નવી દિશા, આપણા બધા માટે હંમેશા પ્રેરણાનો સ્રોત બની રહેશે.

રાજીવ ગાંધીનો જન્મ ૨૦ ઓગસ્ટ ૧૯૪૪ના રોજ મુંબઈમાં થયો હતો. રાજીવ ગાંધીએ ૧૯૬૮માં સોનિયા ગાંધી સાથે લગ્ન કર્યા હતા. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી રાજીવ ગાંધી અને સોનિયા ગાંધીના સંતાનો છે.

## તંત્રી સ્થાનેથી...

# વિચારધારાની લડાઈ

***દિલ્હી યુનિવર્સિટીની સ્થાપનાના સો વર્ષ પૂરાં થવાના અવસરે આયોજિત કરાયેલા એક કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અનેક વિષયો પર પોતાના વિચાર વ્યક્ત કરતાં જે કહ્યું કે યુનિવર્સિટીઓ વૈચારિક લડાઈનો અખાડો ન બનવા પામે, તેના પર ગંભીરતાથી ધ્યાન આપવાની જરૂર છે. આ જરૂરિયાત એટલા માટે વધી ગઈ છે, કારણ કે દેશની કેટલીય યુનિવર્સિટીઓ વૈચારિક લડાઈની સાથે જ હિંસક ટકરાવનું પ્લેટફોર્મ બનવા લાગી છે. તેમાંથી કેટલીક તો સરકારી અનુદાનથી સંચાલિત થનારી યુનિવર્સિટી પણ છે. આખરે કોણ નથી જાણતું કે જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાં કેવા પ્રકારની એક ખાસ વિચારધારાનું પોષણ એટલી હદ સુધી થાય છે કે વિપરીત વિચારધારાને પોતાની વાત કહેવાનો અવસર સુદ્ધાં નથી આપવામાં આવતો. આ એક પ્રકારના બૌદ્ધિક અતિવાદ સિવાય બીજું કશું જ નથી. તેની પણ અવગણના ન કરી શકાય કે આ યુનિવર્સિટીમાં કેવી રીતે દેશવિરોધી નારા ગૂંજતા જ રહે છે અને કેવી રીતે આતંકીઓ, નક્સલીઓનું મહિમામંડન થાય છે.***

***યુનિવર્સિટી તો દરેક પ્રકારના વિચાર વિનિમયનું કેન્દ્ર બનવી જોઇએ, કારણ કે એ જ ભારતની પરંપરા છે. પરંતુ એ જોવું દુઃખદ છે કે જ્યારે આ પરંપરાને પોષિત કરવાની હોય, ત્યારે તેના પર પ્રહાર કરવામાં આવી રહ્યો છે અને એ ક્રમમાં વિપરીત વિચારવાળાને ઉતરતી દૃષ્ટિથી જોવાની સાથે જ તેમને લાંછિત અને અપમાનિત પણ કરવામાં આવે છે. એવું કરવું ભારતની જ્ઞાન પરંપરાનો અનાદર જ છે. સ્વસ્થ સંવાદનો જેવો અભાવ જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાં જોવા મળે છે, એવો જ દેશની કેટલીય અન્ય શિક્ષણ સંસ્થાઓમાં પણ જોવા મળે છે. કોઈપણ શિક્ષણ સંસ્થામાં કોઈ ખાસ વિચારધારાને અંતિમ સત્ય રૂપે પ્રોત્સાહિત કરવાની નીતિ જ્ઞાન મેળવવાના મૂળ ઉદ્દેશ્યની જ વિરુદ્ધ છે. કેટલીક શિક્ષણ સંસ્થાઓ તો એવી છે જ્યાં અધિકારોની લડાઈના નામે અસંતોષ ભડકાવવામાં આવે છે અને વ્યવસ્થાને પડકાર ફેંકવાના નામ પર અરાજકતા સુદ્ધાંનો સહારો લેવામાં સંકોચ નથી રાખવામાં આવતો. આ બીમારી કેટલીક ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં પણ જોવા મળી રહી છે. શું એ કોઈથી છૂપું છે કે હાલમાં જ એક ખાનગી યુનિવર્સિટીમાં કઈ રીતે ફાસીવાદ અને હિંદુત્વમાં સમાનતા સંબંધી પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો? આ જાણીજોઈને કરાયેલી 'ભૂલ' છે! કેટલીક શિક્ષણ સંસ્થાઓમાં વિપરીત વિચારવાળા લોકો પ્રત્યે દુરાગ્રહે ઘોર અસહિષ્ણુતાનું કેવું રૂપ લઈ લીધું છે, તેને એના પરથી સમજી શકાય છે કે વિદ્યાર્થીઓને એવા વિદ્વાનોને વ્યાખ્યાન આપવા માટે આમંત્રિત કરવાથી રોકવામાં આવે છે, જે કોઈ વિષય પર વિપરીત વિચાર ધરાવતા હોય અથવા પ્રચલિત માન્યતાઓનું તર્કો અને તથ્યો સાથે ખંડન કરે છે. દુર્ભાગ્યે આ જ કામ દિલ્હી યુનિવર્સિટીની કેટલીક કોલેજોમાં પણ થઈ ચૂક્યું છે.***

## હૈદરાબાદ, તેલંગણાના પશુપાલન મંત્રીશ્રી શ્રીનિવાસ યાદવ સાથે શુભેચ્છા મુલાકાત લેતા ડો.વલ્લભભાઈ કથીરિયા.



તેલંગણા સ્ટેટની દેશી પ્રજાની સુધારણા – બુલ મધર ફાર્મ, ગૌશાળાને સ્વાવલંબી બનાવવા ગૌમુત્ર – ગોબરના ઉપયોગ દ્વારા મહિલા સશક્તિકરણ અને યુવા રોજગાર, કાઉ ટુરીઝમ સેન્ટર તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં ગૌ આધારિત ઓર્ગેનિક ફાર્મીંગ માટે ગૌશાળાની સ્થાપના જેવા વિવિધ મુદાઓ પર ડો.કથીરિયાએ શ્રી નિવાસ યાદવ સાથે " ગૌસેવા...રાષ્ટ્ર સેવા ..." ની દસ્તાવેજી પુસ્તિકા સાથે વિગતવાર ચર્ચા કરી હતી. ડો.કથીરિયાની સાથે તેલંગણા – આંધ્રપ્રદેશમાં ગૌસેવામાં કાર્યરત શ્રી જસમતભાઈ પટેલ,શ્રી રિધ્ધેશ જાગીરદાર, શ્રી અમિતાભ ભટ્ટનાગર, શ્રી પુરીશ કુમાર, શ્રી આર.કે.જૈન અને શ્રી શેખર રેડી ઉપસ્થિત રહ્યા હતા. શ્રી નિવાસે ડો.વલ્લભભાઈ કથીરિયાનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી અભિવાદન કર્યું હતું.



શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ (ધંધુકા ક્ષેત્ર) દ્વારા પ્રાતઃ સ્મરણિય સંત શ્રી પુનિત મહારજના ૧૧૪મા પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે તેઓશ્રી પ્રેરિત ×પ્રભાત ફેરી-નગર કીર્તન× તથા ×ભાખરી દાન× નુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

### રાજ્યના ૨૩ જિલ્લાના ૧૧૨ તાલુકાના ૬૩૮૮ ગામોમાં મહિલા સામખ્ય કાર્યરત.

# અમદાવાદ જિલ્લાના ૫ તાલુકાના ૨૫૦ ગામમાં ૨૪૮ સંઘમાં ૫૪૬૪ બહેનોની સક્રીય ભૂમિકા

આલેખનઃ- મનીષા પ્રધાન

મકવાણા હંસાબેન દિલિપભાઈ જેઓ ૪૮ વર્ષના છે અને પતિ તથા બે બાળકો સાથે અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના મેલજ ગામે રહે છે અને સારુ જીવન વ્યતીત કરી રહ્યા છે. ૨૦૧૭ માં વિરમગામ તાલુકામાં સંઘ બનાવવાની કામગીરી શરૂ થઈ અને તેમાં કદી પણ ઘરકામ સિવાય બહાર ન નીકળતા હંસાબેન આ મહિલા સંઘમાં જોડાયા. તેઓ પોતના ઘરનું કામ અને ખેતી કામ જ કરતા ત્યાર બાદ તેઓ અવારનવાર મહિલા સામખ્યની મીટીંગ અને તાલીમમા સહભાગી બન્યા. ઘરની ખેતીવાડીથી જ ગુજરાન ચાલતું હોવાથી હોવાથી તેમાં જ આગળ વધવાની ઈચ્છા રાખતા હંસાબેનને ખેતી વિશે, સરકાર દ્વારા મળતી ખેતી સહાય વિશે વધુ જાણવાની ઈચ્છા થઇ ત્યાર બાદ મહિલા સામખ્યના સી.આર.પી.અને અન્ય બહેનો સાથે ખેડૂત તાલીમ કેન્દ્ર અમદાવાદ ખાતે તાલીમ અર્થે આવ્યા. ખેતીવાડી અંગે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન મળતા તેમણે આત્મા પ્રોજેક્ટ અંતર્ગત ગામગાં આત્મા મંડળ પણ બનાવ્યું આ આત્મા મંડળ અંતર્ગત તેમને અવારનવાર પ્રવાસમાં પણ લઈ જવામાં આવતા આમ તેમનામાં માહિતીનો વધારો થયો. હંસાબેન તેમના ખેતરમાં બીટી કપાસનું વાવેતર કરતા હોવાથી તેમાં કીટાણું (જીવાણું) ખૂબ વધારે થતા હતા, આ સમસ્યાથી તેમનો પરિવાર ખુબ જ ત્રસ્ત થઈ ગયા હતા.આ કિટાણુઓનો નો કઈ રીતે નાશ કરવો? તે અંગે તેમણે ખેતીવાડી વિભાગમાં રજુઆત કરી, ત્યારબાદ તેમના ખેતરમાં પાકને જીવ-જંતુઓ દ્વારા નુકશાન ના થાય પાક બગડે નહિ તે માટે ખેતીવાડી વિભાગના સહયોગથી ફ્રી માં સોલાર રૂફટોપ લાઈટ ખેતરમાં નાખવામાં આવી. આ લાઈટ અમેરિકાની પ્રાઈમર કંપની દ્વારા નાખવામાં આવી.છે. આ લાઈટ ખેતરના છેડા પર લગાવવામાં આવી છે. અને તેના નીચે ટબમાં પાણી ભરીને મુકવાથી જીવાણુંઓ તેમાં પડતા નાશ પામે છે.આમ પાકને રક્ષણ મળી રહે છે. આમ હંસાબેનના ખેતરમાં સોલાર રૂફટોપ લાઈટ નાખવાથી તેમના પાકનું નુકશાન થતું અટક્યું અને તેમની આવકમાં વધારો થયો જોવા મળે છે.અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૨૧-૨૨ માં સાક્ષરતા વર્ગ થકી ૧૧૪૬ જેટ્લા બહેનોએ પોતાની નિરક્ષરતા દૂર કરી જીવનના ગણતર સાથે હવે ભણતરના પણ પાઠ માંડ્યા. તો આવો જાણીએ કે શું છે મહિલા સામખ્ય?

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયે વર્ષ-૧૯૮૯માં 'મહિલા સામખ્ય'ની શરૂઆત ત્રણ રાજ્યોમાંથી કરી. ગુજરાતમાં 'મહિલા સામખ્ય' શિક્ષણ વિભાગ હસ્તક ચાલતી એક 'સ્વાયત સોસાયટી' તરીકે કાર્યરત બની છે, જેનાં હોદ્દાની રૂએ પ્રેસિડેન્ટ તરીકે રાજયના શિક્ષણમંત્રીશ્રી તેમજ ચેરમેનશ્રી તરીકે પ્રાથમિક શિક્ષણ સચિવશ્રી છે. મહિલા સામખ્યનો મુખ્ય ઉદ્દેશ દૂરનાં ઉંડાણવાળા અંતરિયાળ ગામોની ગરીબ, વંચિત મહિલાઓમાં શૈક્ષણિક પ્રક્રિયાઓથી જાગૃતિ લાવી તેમને સમર્થશાળી બનાવવાનું છે. તેઓ સામુહિક પરિવર્તનમાં ભાગીદાર બને અને તે સઘળી પ્રક્રિયા માટે જરુરી સમય અને મોકળાશની તક સર્જવાના હેતુસર મહિલા સામખ્ય કાર્યક્રમ ભારત સરકાર દ્વારા શરૂ કરવામં આવ્યો હતો. સ્ત્રી સમાનતા માટે શિક્ષણ અને શિક્ષણ થકી સ્ત્રી સશક્તિકરણની દિશામાં કામગીરી કરવાના લક્ષ્ય સાથે ગુજરાતમાં વર્ષ ૧૯૮૯ ના એપ્રિલ માસથી સ્વાયત માળખુ ઇન્ડિયન સોસાયટીઝ રજીસ્ટ્રેશન એક્ટ ૧૮૬૦ હેઠળ અસ્તિત્વમાં આવ્યું. હાલમાં મહિલા સામખ્ય ગુજરાતના ૨૩ જિલ્લાના ૧૧૨ તાલુકાના ૬૩૮૮ ગામોમાં કુલ ૧,૭૪,૮૭૬ બહેનો, ૩૭,૪૭૨ કિશોરીઓ, ૮૭૯૮ ભાઈઓ સાથે કામગીરી કરી રહ્યું છે. જેમાં ગ્રામ્ય કક્ષાની બહેનો, કિશોરીઓ અને ભાઈઓને એક સાથે રાખીને વિસ્તાર અનુરૂપ સામાજિક, ભૌગોલિક અને પ્રાથમિક સમસ્યા ઉપર કામગીરી કરે છે. હમણાં જ વર્ષ ૨૦૨૨ માં મહિલા સામખ્યએ ૩૨ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. ગુજરાતમાં મહિલા સામખ્યને વર્ષ-૨૦૧૬-૧૭ થી ૧૦૦% રાજ્ય પુરસ્કૃત યોજના તરીકે મંજુરી મળેલ છે. શિક્ષણ વિભાગ,ગુજરાત સરકાર હસ્તક 'સર્વ શિક્ષા અભિયાન' દ્વારા નાણાકીય ભંડોળ પુરૂ પાડવામાં આવે છે. મહિલા સામખ્યની રાજયકક્ષાની મુખ્ય ઓફિસ અમદાવાદ પોલીટેકનીક કેમ્પસ,આંબાવાડી ખાતે કાર્યરત છે. મહિલા સામખ્ય માને છે કે શિક્ષણ માત્ર લખતા, વાંચતા કે ગણતરી કરતા આવડે એટલું સીમિત હોતું નથી. શિક્ષણમાં પ્રશ્નો પૂછવા, વિશ્લેષણ કરવું, સ્ત્રી-પુરુષની સમાન ભાગીદારીવાળા સમાજ માટે બહેનોની સ્થિતિમાં પરિવર્તન લાવવાની ઈચ્છા જગાવવી વગેરે તમામ બાબતોનો સમાવેશ થાય છે. મહિલા સામખ્ય દ્વારા ગ્રામ્ય લેવલે જે બહેનો સાથે ભેદભાવો થતા હોય અને અસમાનતાઓને કારણે તેઓ સમાજની મુખ્યધારામાં જોડાઈ શક્યા નથી. તેઓને મળવાપાત્ર સરકારી યોજનાઓના લાભો, ન્યાયની પ્રક્રિયા તેમજ શૈક્ષણિક પ્રક્રિયાઓ અંગે બહેનોને તાલીમ,મિટીંગ,સુત્રોચ્ચાર,રમતો,ગૃપચર્ચા થકી માહિતી, માર્ગદર્શન આપવા સતત પ્રયત્નશીલ છે.

મહિલા સામખ્યનો કાર્યક્રમ ગુજરાતના વડોદરા, રાજકોટ, સાબરકાંઠા, પંચમહાલ, સુરેન્દ્રનગર અને ડાંગ વિસ્તારમાં ૧૦ વર્ષ કરતાં પણ વધુ સમયથી કાર્યરત છે. જેથી આ વિસ્તારમાં તે મહિલાસંઘ/ મહાસંઘને વધુ મજબૂત કરી તેનું રજીસ્ટ્રેશન કરાવી તેને બે વર્ષ સુધી ન્યૂનતમ માળખા દ્વારા સહયોગ આપી ઉપરોકત જિલ્લાઓને સ્વાયત્તતાની દિશામાં લાવવાનો રાજય સરકારનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. મહિલા સામખ્યની માર્ગદર્શિકા મુજબ જે તાલુકાઓમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને લઘુમતીની વસ્તી વધારે હોય તેવા વિસ્તારોને (તાલુકાઓને-ગામોને) કાર્યક્રમ હેઠળ આવરી લેવામા આવ્યા છે. હાલમાં મહિલા સામખ્ય, ગુજરાતની કુલ મહિલાસંઘની સભ્ય બહેનોની સંખ્યા ૧,૭૪,૮૭૬ છે. જે પૈકીની અનુસૂચિત જાતિની બહેનો ૩૨,૧૦૩, અનુસૂચિત જનજાતિની બહેનો ૭૨,૨૭૭ તેમજ લઘુમતી સમુદાયની બહેનો ૫૪૭૩ છે. આમ, મહિલા સામખ્યમાં કુલ મહિલા સંઘ સભ્યોમાંથી ૧૮% એસ.સી, ૪૧% એસ.ટી. તેમજ ૩% લઘુમતી સમુદાયના બહેનો જોડાયેલા છે.

મહિલા સંખ્યા કઈ રીતે કાર્ય કરે છે? તે વિગતવાર જોઈએ તો મહિલા સામખ્યમાં જોડાવા માટે જે તે ગામની જ સ્થાનિક બહેનોનો એવો સમૂહ જેમાં ઓછામાં ઓછી ૨૦ થી ૨૫ બહેનો અને વધુમાં વધુ ૧૦૦ કરતાં પણ વધુ બહેનો જોડાઈ છે જેને 'મહિલા સંઘ' કહેવામાં આવે છે. આ જૂથમાં મહત્તમ સંખ્યા ગમે તેટલી હોઈ શકે છે. આ એવા બહેનોના જૂથ હોય છે જેઓ કોઈપણ પ્રકારના લાભથી વંચિત હોય છે. આ 'મહિલા સંઘ' જ મહિલા સામખ્યના કાર્યક્રમમાં કેન્દ્રીય ભૂમિકા ભજવે છે. મહિલા સંઘ કામગીરીના ભાગરૂપે સ્થાનિક ગામમાં સર્વે દ્વારા બહેનો માટે એક સામાજિક માળખુ ઉભુ કરે છે. જેનાથી બહેનોને સ્વજરૂરિયાતો પારખવામાં, અનુભવોની આપ-લે કરવામાં, સ્થાનિક પ્રશ્નોને સમજવામાં, અને સાથે મળીને તેવા પ્રશ્નોને ઉકેલવામાં મદદ કરે છે. જેનાથી બહેનોની કાર્યક્ષમતામાં વધારો થાય છે. સ્વતંત્ર રીતે સરકારી કચેરીઓ બેંક અથવા અન્ય સંસ્થાઓ સાથે સ્વબળે આત્મવિશ્વાસ પૂર્વક કાર્ય કરી શકે છે અને પ્રશ્નોના ઉકેલ મેળવી શકે છે. મહિલા સામખ્યના મુખ્ય કાર્યમાં શિક્ષણ- સાક્ષરતા, આરોગ્ય, પંચાયતીરાજ, કાયદો અને આર્થિક સશક્તિકરણ જેવા વિષયો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને ગરીબ અને ગ્રામીણ મહિલાઓના અનુકુળ સમય અને મોકળાશને ધ્યાનમાં લઇ તેઓ સાથે મળવાનું આયોજન કરી તેઓનો વિકાસ સુનિશ્ચિત કરવા માટે જરૂરી કૌશલ્ય અને ક્ષમતા વધારવાનો પ્રયાસ કરે છે.

વિગતવાર કામગીરી મૂલ્યાંકન જોઈએ તો પ્રથમ ક્રમાંકે છે (૧) સાક્ષરતા :- મહિલા સામખ્ય દ્વારા સંઘની નિરક્ષર બહેનોને સાક્ષર કરવા માટે તેમના અનુકૂળ સમયે સાક્ષરતાવર્ગમાં ભણાવવામાં આવે છે. તે માટે શાળાપ્રવેશોત્સવ, વિશ્વ સાક્ષરતા દિવસની ઉજવણી, ગામડે-ગામડે નિરક્ષર બહેનોને સાક્ષર કરવાની શિબિરો કરવી તથા તેમનામાં શિક્ષણ અંગે જાગૃતિ વધે તે માટે વિશેષ કેમ્પ પણ યોજવામાં આવે છે અને તેથી જ શિક્ષકો અને મહિલા સંઘની સાક્ષરતા સમિતિઓના સભ્યોની ક્ષમતાવર્ધન પર વિશેષ ભાર મૂકવામાં આવે છે.

(૨) આર્થિક સશક્તિકરણઃ- મહિલા સામખ્યના મહિલા સંઘો દ્વારા બચત કરવામાં આવે છે. જેમાં સ્થાનિક કક્ષાએ મહિલાઓ દ્વારા બચત મંડળી શરૂ કરીને નાની-મોટી બચત કરવામાં આવે છે, જેમાં વધારે ભંડોળ એકત્ર થતા જરૂરિયાતમંદ બહેનોને વ્યવસાય અને ગૃહ ઉદ્યોગના હેતુથી ધિરાણ(લોન) આપવામાં આવે છે.આ ઉપરાંત આર્થિક સશક્તિકરણના હેતુસર મહિલા સંઘોને વિવિધ ગૃહ ઉદ્યોગ, કિચન ગાર્ડન, બીજ બેંક,સજીવ ખેતી, અનાજ બેંક જેવા વિષયો પર તજજ્ઞો દ્વારા તાલીમ અને માર્ગદર્શન પણ સમયાંતરે આપવામાં આવે છે.

(૩) કાયદાકીય સશક્તિકરણ.:- આ કાર્યક્રમ હેઠળ બહેનોને કાયદા હેઠળ મળતા વિશેષાધિકાર અને મહિલા અધિકાર અંગે કાયદાકીય જાગૃતિ વિષયક માહિતી પુરી પાડવામાં આવે છે. જે અંતર્ગત નારી અદાલત, મહિલા પંચ, જેવા વૈકલ્પિક ન્યાયતંત્ર દ્વારા કૌટુંબિક અને સામાજિક હિંસાના બનાવોમાં ઝડપી અને સંવેદનશીલ અભિગમ અપનાવીને બહેનોને ન્યાય અપાવવાની ભૂમિકા ભજવવામાં આવે છે. જેને રાજ્ય સરકાર, ન્યાયતંત્ર અને સ્થાનિક સમાજ તરફથી વિશેષ સ્વીકૃતિ પણ મળેલ છે.

(૪) આરોગ્યઃ- મહિલા સામખ્ય દ્વારા જે તે સ્થાનિક ગામોમાં જઈને આરોગ્ય અંગે જાગૃતિ લાવવા માટે વિવિધ આરોગ્ય મેળાઓ અને કિશોરીઓ/યુવતીઓ માટે શિબિરો યોજવામાં આવે છે. (૧) એનીમિયા (૨) ખોરાકને પૌષ્ટિક બનાવવાની રીત (૩) રસીકરણ (૪) સ્વચ્છતા (૫) ચેપી રોગ (૬) સ્વસ્થ જીવનની રહેણી-કરણી અને કોરોના વિશે જાગૃતિ આપવામાં આવે છે. સહભાગી થયેલી બહેનોને બાલશક્તિ, માતૃશક્તિ, પૂર્ણાશક્તિ પેકેટમાંથી બનતી અલગ-અલગ વાનગીઓ વિશે સમજ આપવામાં આવે છે. બહેનોનું વજન અને ઉંચાઈ, પૌષ્ટિક આહાર અને તે માટે કિચન ગાર્ડન, હેલ્થ ચેકઅપ કરીને જરૂરિયાત હોય તેને આયર્નની ગોળીઓ અને કેલ્શિયમની ગોળી વિશે સમજ આપવામાં આવે છે. કિશોરીઓના સ્વાસ્થ્ય, શારીરિક ફેરફારો, શરીરમાં નબળાઈના કારણો, માસિકચક્ર, માસિક દરમિયાન શરીરની સ્વચ્છતા, રોગપ્રતિકારક શક્તિ વધારવાના ઉપાયો, લોહીની ઉણપ, લગ્નની સાચી ઉમર, આંગણવાડી તેમજ શાળાએ મળતી સેવાઓ, સરકારી યોજનાઓ, રક્તદાન બાબતે ચર્ચા વિચારણા તથા કિશોરીઓને સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવે છે.

(૫) પંચાયતી રાજઃ- રાજયની તમામ મહિલાઓ અને ખાસ કરીને ગામડાંની બહેનો લોકશાહી પ્રક્રિયામાં વ્યક્તિગત અથવા સામૂહિક રીતે પણ પોતાની હિસ્સેદારી/ઉમેદવારી નોંધાવતી થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરુ પાડવામાં આવે છે. તદુપરાંત સ્થાનિક સ્વરાજ-પંચાયતની ચૂંટણીમાં ભાગ લઈને સફળ થયેલા બહેનોને તેમની ફરજો તેઓ બરાબર અને યોગ્ય રીતે કામગીરી નિભાવી શકે અને તેમની કાર્યક્ષમતામાં વધારો થાય તે અંગે તાલીમબધ્ધ કરવામાં મહિલા સામખ્ય મુખ્ય ભુમિકા નિભાવે છે.

મહિલા સામખ્યમાં તાલુકાઓમાં રચના પામેલ 'મહિલા સંઘ'માંથી સ્વતંત્ર રીતે કામ કરવા સક્ષમ થયેલા મહિલા સંઘો સાથે મળીને એક 'મહાસંઘ'ની રચના કરે છે. આવા મહાસંઘ તાલુકા સ્તરે અને છેવટે જિલ્લા સ્તરે કામગીરીમાં સક્રિય બને છે. આ પ્રકારની સહિયારી શક્તિથી બહેનો પોતાના પ્રશ્નો ઉકેલવા માટે સક્ષમ બને છે. કોઇ મહિલા પર અત્યાચાર થતો હોય,તેની સામે લડત પણ આપી શકે છે. કાર્યક્રમ અંતર્ગત ૫૪ તાલુકા કક્ષાના અને ૮ જિલ્લા કક્ષાના મહાસંઘ રચાયેલ છે. મહાસંઘોની વહીવટી, નિર્ણય લેવાની તેમજ મહાસંઘોનું સંચાલન કરવાની તમામ સત્તાઓ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, તેમજ લઘુમતી સમુદાયની બહેનોને સોંપવામાં આવી છે. જે મહાસંઘોનું સંચાલન છેલ્લા દસ વર્ષોથી આ બહેનો સફળતાપૂર્વક કરી રહી છે. આમ, મહિલા સામખ્ય દ્વારા અતિછેવાડાના ગામોની બહેનોને કાર્યક્રમ અંતર્ગત જોડી તેમના જીવનને વધુ સશક્ત બનાવવાની




સફળ કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત મહિલા સામખ્યમાં તાલુકા પંચાયત કચેરી ખાતે 'માહિતી કેન્દ્ર કમ કાઉન્સેલિંગ સેન્ટર પણ ઉભા કરવામાં આવ્યા છે.જેમાં મહિલા સંઘની બે બહેનો સંચાલિકા તરીકે દર સોમવારે અને ગુરૂવારે સેન્ટર પર જઇને ફરજ નિભાવે છે. ગરીબ, નિરક્ષર મહિલાઓ તેમના રોજિંદા જીવનને સફળ બનાવવા માટે રાજય સરકારની યોજનાઓનો લાભ સરળતાથી મેળવીને પોતાના જીવન ધોરણને સુધારી શકે તે હેતુથી 'માહિતી કેન્દ્ર કમ કાઉન્સેલિંગ સેન્ટર' ઉભા કરવામાં આવ્યા છે. જેમાં કઈ યોજનાનો લાભ ક્યારે મળે? કેવી રીતે મળે? તેના માટે શું કરવું? શું માહિતી આપવી? કોને આપવી? વગેરે જાણકારી આપવા માટે તાલુકા સ્તર પર મહાસંઘની સક્ષમ બે બહેનો દ્વારા આવા માહિતી કેન્દ્રની કામગીરી નિભાવવામાં આવે છે. જયાં જુદી-જુદી યોજનાના ફોર્મની સાથે અન્ય સરકારી ખાતાઓની સહાયકીય માહિતી અને યોજનાઓના ફોર્મ વિનામૂલ્યે પૂરા પાડવામાં આવે છે. ગુજરાત રાજયમાં કુલ ૧૧૦ માહિતી કેન્દ્ર કમ કાઉન્સેલિંગ સેન્ટર હાલમાં કાર્યરત છે.

સંઘ અને મહાસંઘની બહેનોને આરોગ્યલક્ષી માહિતી,કાઉન્સેલિંગ,દવાઓ વિવિધ પ્રશ્નોને લઈને ઘરગથ્થુ દવાઓ, ઝાડ-મૂળમાથી કયા રોગ માટે કઈ દવાઓ બનાવવી તેની તાલીમ આર્યુવેદિક ડોકટર દ્વારા આપવામાં આવે છે. જેને 'જાસુદ કેન્દ્ર' કહેવામાં આવે છે. રાજયમાં હાલ કુલ ૭ જાસુદ કેન્દ્ર કાર્યરત છે.

મહિલા સામખ્ય અમદાવાદ જિલ્લાની કામગીરી વર્ષ ૨૦૧૬થી અમદાવાદ જીલ્લાના પાંચ તાલુકા જેવા કે બાવળા, વિરમગામ,માંડલ, દેત્રોજ અને સાણંદ તાલુકાના ૨૫૦ ગામોમાં મહિલા સામખ્ય કાર્યક્રમ અમલીકૃત છે. જેમાં ૫૪૬૪ બહેનો અને ૧૮૦૦ કિશોરીઓ જોડાયેલા છે. જિલ્લામાં ૨૪૮ જેટલા મહિલા સંઘ બનેલા છે. જેમાં બાવળા ખાતે સંઘની સંખ્યા-૪૮, દેત્રોજ- ૫૦, માંડલ-૩૭, વિરમગામ-૬૩ અને સાણંદ ખાતે ૫૦ સંઘ કાર્યરત છે.

જિલ્લામાં વર્ષ દરમ્યાન સંઘની મિટીંગ, વર્કશોપ, વિવિધ વિષયો પર તાલીમ-સંવાદ કાર્યક્રમ યોજવામાં આવે છે. જિલ્લામાં ૭૬ જેટલા કિશોરી જૂથ બનાવવામાં આવ્યા છે. જેમાં ગત વર્ષે ૭૪ કિશોરી તાલીમમાં ૨૨૦૯ કિશોરીઓએ ભાગ લીધો હતો. કોરોના સમય દરમ્યાન સામાજિક અંતર જાળવીને આરોગ્ય જાગૃતિ અંગે જિલ્લામાં ૨૮૭ મીટીંગ કરવામાં આવી. જેમાં ૨૦૯ તાલીમમાં ૬૦૧૦ બહેનો સહભાગી બન્યા. તેઓને કોરોના અંગે જાગૃતિ વધે તે માટે ઉકાળા, માસ્ક, સાબુનું વિતરણ કરવામાં આવ્યું હતુ. જેમાં સંઘન સંકલન થકી ૪૫૮ બહેનોએ રસીકરણ કરાવ્યું હતું. જિલ્લામાં વર્ષઃ૨૦૧-૨૨માં ૫૮ જેટલા સાક્ષરતાના વર્ગો ચલાવવામાં આવ્યા. જેમાથી ૧૧૪૬ જેટલી નિરક્ષર બહેનોએ જીવનનાં ગણતરની સાથોસાથ હવે ભણતરના પણ પાઠ ભણવાનાં શરુ કર્યા. આ ઉપરાંત કુપોષણ અંગે સર્વે કરવામાં આવે છે, જેમાં જિલ્લાના ૧૦૦ ગામોને પ્રાથમિકતા આપવામાં આવે છે આવા ગામોમાં અવારનવાર તાલીમ, મીટીંગ અને વર્કશોપ યોજીને બહેનોને માહિતગાર કરવામા આવે છે. પોષણ અભિયાન દરમ્યાન સગર્ભાવસ્થા દરમ્યાન રાખાવની કાળજી, આંગણવાડીમા મળતા લાભ, આરોગ્ય વિભાગ દ્વારા મળતી સેવાઓ,કિચન ગાર્ડન,વાનગી સ્પર્ધા,રેલી યોજવામા આવી હતી. જેમાં ૧૧૨૭ બહેનો સામેલ થઈ હતી.

ગ્રામીણ બહેનોને આર્થિક રીતે પગભર કરવા માટે ખેતી, પશુપાલન, હસ્તકળાની તાલીમ આપવામાં આવે છે. પર્યાવરણ અંગે જાગૃતિ ફેલાવવા ૭૭ ગામની અંદર સ્થાનિક નર્સરી સાથે સંકલન કરીને ૫૨૫ બહેનો દ્વારા ૩૬૫૦ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અમદાવાદ જિલ્લામાં જિલ્લા/ તાલુકા પંચાયત ખાતે માહિતી કેન્દ્ર કાર્યરત છે. વર્ષ ૨૦૨૧ દરમ્યાન દેત્રોજ ખાતે ૨૨૪ , વિરમગામ- ૨૫૨, સાણંદ-૪૨૦, બાવળા-૧૭૩, માંડલ ખાતે ૮૬ એમ કુલ ૧૨૫૫ જેટલા લાભાર્થીઓને સરકારે યોજનાઓના ફોર્મ ભરાવી આપવાનું અને વિવિધ યોજનાઓને લગતી માહીતીની આપ-લે કરવામાં આવી હતી.

મતદાર જાગૃતિ અભિયાન દરમ્યાન ૨૭ ગામોમાં ૩૧૮૨૫ બહેનોને મતદાનનું મહત્વ, ઉમેદવારી નોંધાવવા માટેની પ્રક્રિયા વગેરે વિશે સમજણ આપવામાં આવી હતી. જિલ્લાના બાવળા, બગોદરા તાલુકાના ૧૫૦ જેટલા વિધવા બહેનોને હયાતીના પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ખેતીવાડી વિભાગ સાથે સંકલન કરીને વિરમગામ તાલુકાના મેલજ ગામે એક બહેનના ખેતરમાં સોલાર સિસ્ટમ કાર્યરત કરવામાં આવી. આમ, મહિલા સામખ્ય એ ગ્રામીણ બહેના સર્વાંગી વિકાસ માટે પાયાનું કાર્ય કરે છે. જેનાથી ગામ, શહેર, તાલુકા, જિલ્લા,રાજય અને રાષ્ટ્ર કક્ષાએ મહિલાઓને માન-સન્માનભર્યુ સ્થાન પ્રાપ્ત થાય છે. મનીષા પ્રધાન

## છલક છાલક

સખા! સુખની સુગંધ કસી બાંધુ હું મુઠ્ઠીએ
ને દુખની ધૂણીને ગણું મોટો વંટોળ,
સુખ-દુઃખ આવે કે જાણે વીજળી ને વાદળી,
આવે ને જાય ચડી ચંચળ ચગડોળ.
ગહેરા સંવેદનો સ્પર્શે ચિત્તવનમાં,
જે સમજી સ્વીકારું વૃત્તિના અલંકાર.
અહંમ, આર્ત, એકસૂર ગાયે સંગાથે,
ને નીરવ મનભૂમી પડઘાય ઓમકાર.
માગણીના તારને સરખેથી તાણે તો,
અકળાતી લાગણી લાવે સુહાણ.
મીઠાં કે માઠાં સૌ આવેલા અવસરને,
કર્મોના બક્ષિસની માને લહાણ.
લાગણીની છલક છોળ પ્રેમથી વધાવે,
સુખદુખના દાવ દિલ ન્યાલ થઈ નવાજે
હરખ ને શોકની આવે નહીં હેડકી ને આઠે પોર આનંદ...ગંગાસતિ

## સંભાળજો

મોકલું હું આજ સાથે મન કમળની પાંખડીને,
જાય જો સુદૂર વ્હાલા વિરહ છે મુજ આંખડીને.
આંસુ અટકે નયન ગોંખે રચ જિગરના ટુકડાને,
ફરી વહેશે જ્યારે જોશે મલકતા મધુ મુખડાંને.
જાણું છું કે જાળવે તું જીવ કેરા જતનથી,
ક્યમ મનાવું મ્હાંયલાને વિખૂટતા એ રતનથી.
જોવું જોવું અહીં કહીં પરછાઈ એની પ્રતિક્ષણ,
તનને છોડી દિલ દોડી જાય લેવા બાથમાં ક્ષણ.
રાત્રી મધ્યે સુણું ભ્રામક રુદ્ધ આક્રંદ એનું,
અપેક્ષા ને અભીપ્સાથી હાથમાં એને વીંટાળુ.
સમય જાશે જટ વહી ને ભાવથી ભેગા મળીને,
પીગળી જાશું પલક પાળે એકલય સંગમ બનીને.
સરયૂ પરીખ

# રાધનપુરમાં લગ્નના એક જ રાતમાં દુલ્હન ૨૫૦૦૦ લઈ ફરાર

અત્યારના સમયમાં દિન-પ્રતિદિન લૂંટેરી દુલ્હન ઓનો ત્રાસ તેમજ દલાલો મારફતે થતાં લગ્ન વધી રહ્યા છે ત્યારે આવો જ એક કિસ્સો પાટણ જિલ્લાના તાલુકા મથક રાધનપુર ખાતે બનવા પામ્યો છે જેમાં મહારાષ્ટ્ર થી લાવેલી દુલ્હન લગ્નની પહેલી રાત્રે જ પોતાના પતિદેવને ચા માં ઘેન ની દવા પીવડાવી રોકડ રૂપિયા ૨૫૦૦૦ લઇ રફુચક્કર થઈ ગઈ હતી

રાધનપુરના એક યુવકે દલાલ મારફતે મહારાષ્ટ્ર થી નિશા મરાઠી નામની યુવતી સાથે એક લાખ ૮૦ હજાર રૂપિયા આપી લગ્ન કર્યા હતા જેમાં લગ્નની પહેલી રાતે જ નિશા નામની યુવતી પતિને ચા માં ક્યાં અને ગોળી આપી સુવડાવી ૨૫૦૦૦ રૂપિયા રોકડા લઇ રફુચક્કર થઇ ગઇ હતી તેમજ આ લખાય છે ત્યાં સુધી કોઈ પોલીસ ફરિયાદ થઇ હોવાનું જાણવા માં આવ્યું નથી

આ અંગે ભોગ બનનાર શું કહે છે??

આ અંગે ભોગ બનનાર યુવકે જણાવ્યું હતું કે જારુષા ના બે જણાને માલેગાવ જય કોરડા ના રહીશ ના વિશ્વાસે ૧,૮૦,૦૦૦ માં લગ્ન કરીને લાવ્યો હતો સાંજે સારી રીતે ખાધું-પીધું અને રાત્રે મને ચા પીવા આપી પછી હું ઊંઘી ગયો ત્યારબાદ મને ખબર નથી શું થયું ઘરમાંથી મારા પાકીટમાંથી રૂપિયા ૨૫૦૦૦ અને એક મોબાઈલ લઇ ગઇ છે તેમ જણાવ્યું હતું ત્યારેઅત્રે ઉલ્લેખનીય છે કે આ બાબતે કોઈ પોલીસ ફરિયાદ નોંધાયેલ ન હોય ત્યારે ન્યુઝ ઓફ ગાંધીનગર તેમજ રિપોર્ટર આ મેટર સાથે સંમત છે તેમ માનવું નહીં




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG SS NO.111**
**વિષયઃ ભાગ્ય- અહોભાગ્ય**
**વિભાગઃ ગદ્ય**
**શીર્ષકઃ આપણે જ આપણાં ભાગ્ય વિધાતા**

ભાગ્ય એટલે સામાન્ય રીતે જીવનમાં જે સારી,નરસી ઘટના બને તેને પોતાના ભાગ્યમાં તે જ હતું, તેમ સ્વીકારી લેવામાં આવે છે. ભાગ્ય અને અહોભાગ્ય વચ્ચે પાતળી રેખા છે.જેને સમજવા પારખુ દ્રષ્ટિ હોવી જરૂરી છે.

એક પ્રશ્ન થાય કે શું હથેળીની રેખાઓ આપણું ભાગ્ય બનાવે છે જેને લઈને આપણે જન્મ્યાં છીએ? કે આપણે શ્રદ્ધા સાથે જે મહેનત કરીએ અને હાંસિલ કરીએ તે આપણું સાચું ભાગ્ય છે! જીવન એટલે વિચારીએ તો ઘટનાઓની ગૂંથણી જ છે.ક્યારેક આપણને આનંદ થાય અને ક્યારેક મન કચવાય ,તેમ ઘટમાળ ચાલતી જ રહે છે. માનવ મન ખરેખર તો મરકટ જેવું છે.પોતાને ગમતું કે ઈચ્છેલું થાય એટલે વાહ, મારા કેવાં સારાં ભાગ્ય કે આમ થયું! તેમાં પણ ખૂબજ ઈચ્છેલું કે બધાં વખાણે તેવું કાંઈક બને તો અહોભાગ્ય!

જીવનનાં દરેક તબક્કે આપણાં ભાગ્ય કે અહોભાગ્યને લગતું પ્રાધાન્ય જૂદું જૂદું હોયછે. વિદ્યાર્થીજીવનમાં સારા ગુણાંક સાથે ઉતીર્ણ થવું, યુવાનીમાં સારું ઘર, કારકિર્દી, મનપસંદ સાથી મળવો, સુંદર બાળકો હોવાં, સારાં પ્રસંગો પાર પાડવા, તે બધાં ભાગ્યશાળી ગણાય છે.જૂજ ઘટનાઓ ન એવી ઉત્તમ પણ હોય.મોટાભાગની સારી ઘટનાઓ, મનપસંદ ચીજો કે પ્રસંગો ખુશી આપી જાય અને સાથે જીવન સરળતાથી પસાર થાય તે અહોભાગ્ય.

મારા મતે તો જીવનમાં ચડાવ-ઉતાર સાથે સમાધાન કરી વ્યક્તિત્વનું ઘડતર જ અગત્યનું છે . તે જ ભાગ્ય અને ઉત્તરોત્તર તેમાં વિકાસ તે અહોભાગ્ય છે. જીવનમાં પ્રેમાળ વાતાવરણ, વ્યવહાર, સંસ્કાર, સફળતા અને આત્મવિશ્વાસ સાથે ગૌરવપૂર્વક જીવવું એ જ અહોભાગ્ય ગણાય. માલ -મિલકત, મોભો એ ભાગ્ય છે પણ સુખ-શાંતિ, આત્મવિશ્વાસ, નિષ્ઠા, આત્મસંતોષ, આદર , શાખ હોવી એ આપણાં અહોભાગ્ય છે.

મિત્રો , તમે આ સાથે સંમત છો ને! જીવનમાં આપણને જે પ્રાપ્ત થાય તેને પ્રભુપ્રસાદી , કર્મનાં ફળ માની એનો માનપૂર્વક સ્વીકાર કરવો અને સહજતાથી જીવન જીવવાનો આનંદ ઉઠાવવો એને જ આપણાં ભાગ્ય- અહોભાગ્ય ગણી શકાય.

ભાવના આચાર્ય દેસાઈ 'ભાવુ'

---

**NOG SS NO.0081**
**પ્રકાર? : પદ્ય**
**વિષય : ભાગ્ય , અહોભાગ્ય**
**શીર્ષક :ભાગ્ય છે બળવાન**

ભાગ્ય છે બળવાન તેથી ભારત દેશે જન્મ્યા,
જે દેશનાં બળુકા છે સંસ્કાર એ વાત ન મિથ્યા.
ભાગ્ય રેખાએ આપ્યો સાથ તેથી હું ભારતીય,
એની કદર તવ થાય જ્યારે થાઉં પરદેશે પ્રવાસી.
હજારો વર્ષોથી થતાં અહીં ?હવન? ,જપ,તપ,
એ તપોબળે કરી? અહીંની ધરા ઝળહળ.
ભાગ્યે જ મળ્યાં ? અનેરા સ્વજનો, સ્નેહી સૌ,
એકમેકને સૌએ? લીધાં સાચવી, રહે પ્રેમ વહેતો નિરંતર.
મિત્રો સ્નેહીઓ એક એકથી ચડિયાતા,
ભાગ્યે જ દીધાં આ સમસ્ત પ્રેમથી ઉભરાતાં.
ભાગ્યને વંદુ ,ઈશનો પાડ માનું, આપ્યું સકળ સુખ, અહોભાગ્ય માનું તનયાઓએ પતિ સંગ દીપાવ્યું ઘડપણ.

માયા દેસાઈ, મુંબઈ ભારત.

---

**NOG SS No/0044**
**વિષયઃ- ભાગ્ય અહોભાગ્ય**
**પ્રકારઃ- ગદ્ય**
**શબ્દોઃ- ૨૦૭**
**શીર્ષકઃ- વિધાતાના લેખ**
**નામઃ- વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.**

એવું કહેવાય કે, બાળક જન્મે એનાં છઠ્ઠે દિવસે વિધાતા ભાગ્યના લેખ લખે. શું લખ્યું એ માત્ર વિધાતા જ જાણે.

જેમ માવતર નિજના સંતાનનું સારું જ ઈચ્છે એમ વિધાતા પણ બધાનું સારું જ ઈચ્છે ને! છતાં પણ કોઈને રહેવા મહેલ, જમવા પકવાન અને કોઈને રહેવા ફૂટપાથ પણ નહીં, ભૂખ્યા પણ સુવું પડે આવી પરિસ્થિતિ સર્જાય ત્યારે કહેવાય કે જેવાં જેનાં ભાગ્ય.

કર્મ કર્યા પછી પણ ઈચ્છીત ફળ ન મળે તો કહેવાય ભાગ્યમાં નહીં હોય. ખરેખર તો ભાગ્યની સાથે પુરુષાર્થ પણ હોવો જોઈએ, એટલે જ ભાગ્યના ભરોસે બેસી ન રહેતાં પુરુષાર્થ કરવો જરૂરી. વિધાતાએ ભાગ્યમાં,પુરુષાર્થ કરશો તો જ ભાગ્ય ફળશે એવું લખ્યું હોય અને આપણે ભાગ્યમાં હશે તો મળશે કરીને હાથ પગ જોડીને બેસી રહીએ તો ભાગ્ય ક્યાંથી ફળે!

જિંદગીમાં એટલે જ પુરુષાર્થનું મહત્વ વધારે છે. પુરુષાર્થ કરવા છતાં પણ સફળતા ન મળે તો કહેવાય ભાગ્યમાં ન હોય, પરંતુ આપણે એવું નથી વિચારતા કે બની શકે મહેનત ઓછી પડી હોય , વધારે
મહેનતની જરૂર છે. કદાચ આપણાં પ્રયત્નો સાચી દિશામાં ન હોય.

આપણે એવું પણ વિચારી શકીએ કે, આપણી ધારણા કરતાં વિધાતાએ આપણાં માટે વધારે સારું વિચારેલું હશે, આનાથી પણ ઉત્તમ ફળ ભાગ્યમાં હશે, તો ચાલો, સાચી દિશામાં વધારે મહેનત કરીએ. ભાગ્યને દોષ દેતા બેસી રહેવાનો શો અર્થ?.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

**NOG SS No : 0001**
**પ્રકાર : ગદ્ય**
**વિષય : ભાગ્ય - અહોભાગ્ય**
**શિર્ષક : દીકરો ભાગ્ય - દીકરી અહોભાગ્ય**

આપણે સૌ જાણીએ છીએ કે ઘરની પુત્રવધુ ને પહેલા ખોળે દીકરો અવતરે તો એ સમગ્ર પરિવાર માટે જાણે અહોભાગ્ય છે, અને દીકરી અવતરી હોય તો ભાગ્યમાં લખ્યું હતું ને આવ્યું એમ કહેવાય છે ! ભગવાને પુત્રો અને પુત્રીઓને એક જેવા જ બનાવ્યા છે. છતાં પણ ઘરમાં પુત્રનો જન્મ થાય તો જાણે વાતાવરણ તહેવારનું બની જાય છે, અને જો પુત્રીના જન્મ ની ખબર મળે તો જાણે આખા ઘરવાળા પર વીજળી પડી હોય એવું વાતાવરણ ઘણા ઘરોમાં છવાઇ જાય છે .
ઘણીવાર તો એવું લાગે કે કહેવા ખાતર આપણે પુત્રીઓને ઘરની લક્ષ્મી માનીએ છીએ, અને ઘરના બધા શુભ કામ એના હાથે જ કરાવીએ છીએ . છતાં પણ આપણા વિચારમાં એટલો મોટો ફરક કેમ આવી જાય છે, એવું કેમ નથી સમજતા કે દીકરીને જન્મ દેનારી માતા પણ કોઈની તો પુત્રી જ છે . એ પણ તેનાં માતાપિતાની લાડલી જ હશે . પોતાના ઘરસંસારને છોડીને પતિનો ઘર સંસાર માંડી ને એના પરિવારને સ્વર્ગ બનાવવા એ ઘરમાં આવે છે . અને એ પરિવારને સ્વર્ગ સમાન બનાવી સૌને એક તાંતણે જોડીને રાખે છે . તો શું એ આ પરિવારનું અહોભાગ્ય ના કહેવાય ?..દીકરી દૂધપીતી,દીકરીને વધારે ભણાવવી નહીં,ઘરની બહાર બહુ ના કઢાય..ઘરના કામ, મહેણા - ટોણા,વિગેરે વિગેરે ઘણું સહન દીકરી કરતી હોય છે.
આજના સમયમાં ભણેલો-ગણેલો સમાજ હોવા છતાં પણ ક્યાંક ને ક્યાંક તેમની મનોદશા કે એક વિચારધારા એવી જ છે કે એમનો વંશ ફક્ત એમનો પુત્ર ચલાવી શકે છે . આપણે વૃદ્ધ થઈશું ત્યારે ઘર-પરિવારની જવાબદારી મિલકત ની જવાબદારી માત્ર પુત્ર જ સંભાળી શકે છે અને આ વિચારધારાને અનુસરીને જીવનાર માતા-પિતા પહેલા ખોળે દીકરો અવતરવા બદલ પોતાનું અહોભાગ્ય માને છે. પણ આગળ જતા ખરેખર એ માતા-પિતા ભાગ્યશાળી બની શકે છે ? મોટે ભાગે ના !
જ્યારે પુત્રીઓને પરાયું ધન ગણતા હોવા છતાં પણ જીવનના તપતા તડકામાં પણ માતા-પિતા માટે ઠંડા ચાંદની જેમ એમના સુખ-દુઃખમાં સાથ નીભાવતી રહે છે.પોતાના ગૃહસ્થ જીવનમાં કેટલો પણ તણાવ કેમ ન હોય ? પરંતુ માતા-પિતાને પોતાની દરેક ચિંતાથી દૂર રાખીને એક મજબૂત ઢાલ બનીને દરેક પરિસ્થિતિ, પરેશાનીને પોતાના મધુર સ્મિત અને શાંત વ્યવહારથી સહન કરી લે છે . કેટલાક લોકોનું માનવું છે કે પુત્ર તો ઘરનો ચિરાગ હોય છે ત્યારે એવા લોકોની માનસિકતા પર દયા આવે છે તેમને સમજાવીને કહેવું પડે છે પુત્ર તો ફક્ત એક જ ઘરનો ચિરાગ હોય છે. જ્યારે પુત્રી હોય તો બે ઘરને રોશન કરે છે. ભગવાન પણ પુત્રીઓની ભેટ એમને જ આપે છે જેમના ઉપર એમની અસીમ કૃપા હોય છે. ધાર્મિક ગ્રંથોમાં પણ લખેલું છે કે જે ઘરમાં નારીની પૂજા થાય છે દેવતાઓનો પણ ત્યાં વાસ હોય છે. માટે જ એક વાત છેલ્લે કહેવી જરૂરી લાગે છે કે દીકરો ભાગ્ય થી મળે છે, પણ દીકરીનો જન્મ એતો અહોભાગ્ય લઈને આવે છે .એ હંમેશા માતા-પિતા માટે પણ એક અહોભાગ્ય બનીને રહે છે. કેમકે દીકરી બે કુળને તારે છે .એવું અહોભાગ્ય કોનાં નસીબમાં હોય

સંચાલક : પ્રદીપ રાવલ

# રામચરીત માનસમાં નવધા ભક્તિ (ભાગ-૬)

"સાતવીં સમ મોહિમય જગ દેખા, મોતે સંત અધિક કરિ લેખા.." ભક્તનો પોતાના સદગુરૂના પ્રત્યે પ્રેમ દ્રઢ થતાં દરેક જગ્યાએ, દરેક વસ્તુમાં તેમને પોતાના પ્રભુના દર્શન થવા લાગે છે. આ ભક્તિનો સાતમો પ્રકાર છે. ભક્ત કણકણમાં પ્રભુનાં દર્શન કરે છે. જેમ કંજૂસને તમામ જગ્યાએ ધન જ દેખાય છે, કામદેવના પુષ્પબાણથી વિંધાયેલ પુરૂષને સમગ્ર જગત નારીમય દેખાય છે તેમ પ્રભુના દિવાના ભક્તને સમગ્ર જગત પ્રભુમય દેખાય છે. ભક્તિનું આ રૂપ જિજ્ઞાસુ અર્જુનને સમજાવતાં ભગવાન કહે છે કેઃ "હે અર્જુન ! જે બધામાં મને (નિર્ગુણ બ્રહ્મને) જુવે છે અને બધાને મારામાં દેખે છે તેના માટે હું અદ્રશ્ય નથી થતો અને તે મારા માટે અદ્રશ્ય થતો નથી." (ગીતાઃ ૬/૭૦)

ભગવાન રામે શબરીને આ જ વાત સાતમી ભક્તિના રૂપમાં સમજાવી છે કેઃ "મોહિમય જગ દેખા.." સમયના સદગુરૂ હંમેશાં એવી જ શીખ આપે છે કે મારા સંતોને મારાથી અધિક સમજવા. ભગવાન કહે છે કે મારાથી અધિક મારા સંતની સેવા અને સત્કાર કરનાર વ્યક્તિ જ મારી ભક્તિ પ્રાપ્ત કરી શકે છે. "સંત બડે ભગવંતસે કહ ગયે સંત સુજાણ, સેતુ બાંધ શ્રીરામ ગયે ઓર લાંગ ગયે હનુમાન.." ની માન્યતા ઉપનિષદોથી લઈને આજસુધી ચાલી આવી છે કારણ કે ભક્તિનું મુખ્ય કેન્દ્ર સંત છે. નિરાકાર પ્રભુ પરમાત્મા કરતાં સાકાર સંત મોટા છે કારણ કે તેમનામાં નામ અને રૂપ.. આ બે સ્વરૂપ બ્રહ્મથી અધિક હોય છે. બ્રહ્મનાં સ્વરૂપ સત્ ચિત્ આનંદ છે પરંતુ રૂપ અને નામ તેમનામાં નથી તે સંતમાં હોય છે અને બ્રહ્મવિદ્ હોવાથી તે બ્રહ્મ જ હોય છે એટલા માટે સાકાર બ્રહ્મ નિરાકાર બ્રહ્મ કરતાં વધુ ઉપયોગી છે. નિરાકારની સેવા સંભવ નથી અને પ્રતિકોની સેવા અથવા પ્રેમ કરવાથી કોઇ પ્રત્યુત્તર (Response) મળતો નથી એટલા માટે જ શાસ્ત્રોમાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી જ પ્રતિકપૂજા માટેની વાતો કરી છે. "અધ્યાત્મ રામાયણમાં કહ્યું છે કેઃ જ્યાંસુધી સમસ્ત પ્રાણીઓમાં અને પોતાને મારામાં સ્થિત ન જાણે ત્યાંસુધી જ મારી મૂર્તિ વગેરેની પૂજા કરવી." (અધ્યાત્મ રામાયણઃ૭/૭૬) વસ્તુતઃ સંત એ બ્રહ્મનું સાકારરૂપ છે. જેમની સેવા અને પ્રેમથી પ્રભુની ભક્તિ પ્રાપ્ત થાય છે.

તુલસીદાસજી કહે છે કે "મોરે મન અસ વિશ્વાસા,રામ તે અધિક રામકર દાસા, સબ કર ફલ હરિ ભગતિ સુહાઇ,સો બિનુ સંત ન કાહૂ પાઇ.." ગીતાના પ્રસિધ્ધ ટીકાકાર શ્રી મધૂસુદન સરસ્વતીજીએ પોતાના પ્રસિધ્ધ ગ્રંથ ભક્તિ-રસાયણમાં લખ્યું છે કેઃ ×ભક્તિનો આરંભ મહાપુરૂષોની સેવાથી થાય છે ત્યારબાદ તેમની દયાપાત્રતા પ્રાપ્ત થાય છે, ત્યારપછી ધર્મ ઉપર શ્રધ્ધા અને શ્રધ્ધાથી હરિગુણ શ્રવણ થાય છે.× એટલે કે ભક્તિનો આધાર અને અધિષ્ઠાન સંત જ છે એટલે ભક્તિના ક્ષેત્રમાં સંતને બ્રહ્મથી અધિક બતાવ્યા છે. સાકાર સંતમાં મનને લગાવવું વધુ સુગમ છે જ્યારે નિરાકારમાં મન લગાવવું અતિ કઠિન છે.

ભગવાન કૃષ્ણ કહે છે કે ×નિરાકાર બ્રહ્મમાં આસક્ત ચિત્તવાળા તે સાધકોને (પોતાના સાધનમાં) એટલે કે નિરાકાર પ્રભુની ભક્તિમાં ક્લેશ અધિક થાય છે.× (ગીતાઃ૧૨/૫) આમ સંત સેવા પણ પ્રભુ સેવાનું જ સ્વરૂપ છે. સંતની



સેવાથી પાપ તાપ અને મોહ અનાયાસે જ દૂર થાય છે.

આઠમી ભક્તિઃ ×આઠવીં જથા લાભ સંતોષા,સપનેહું નહિ દેખઇ પરદોષા.× (માનસઃ૩-૩૬-૪) હરિ-ગુરૂ કૃપાથી સંત જ્યારે ભક્તિની ઉચ્ચત્તમ ભૂમિકા ઉપર પહોંચવાની તૈયારીમાં હોય છે તે સમયે તેમને બે કામનાઓ નીચેની તરફ ખેંચે છેઃ ધન વૈભવ પ્રાપ્ત કરવાની ઈચ્છા અને સન્માન પ્રાપ્ત કરવાની ઈચ્છા, તેથી ભગવાને કહ્યું છે કેઃ પોતાના કર્મ અનુસાર જેટલું ધન મળે છે તેમાં સંતોષ રાખવો તથા સ્વપ્નમાં પણ કોઇના દોષ ના જોવા.. આ મારી આઠમી ભક્તિ છે. સામાન્ય માનવના બે પેટ હોય છે. એક છાતીની અંદરનું કે જે બે રોટલી ખાવાથી ભરાઇ જાય છે અને બીજું ખોપરીમાં છે જે ભરાતું જ નથી.

માયાની ભક્તિ કરીશું તો માયાપતિની ભક્તિ થઇ શકશે નહી. ધનથી વધુ ધનની આસક્તિ-તૃષ્ણા વધુ ખરાબ છે. ધન તો સંતોને પણ જોઇએ પરંતુ કેટલું ! ×સાંઇ ઇતના દીજીયે જામે કુટુંબ સમાય,મૈં ભી ભૂખા ના રહું સંત ના ભૂખા જાય..(કબીરજી)× ભક્તના ઘરમાં ધન વધી જાય તો.. ×પાણી બઢ જાયે નાવમેં,ઘરમેં બઢ જાય દામ,દોનો હાથ ઉલેચિયે યહી સજ્જનકા કામ..× રાવણની પાસે ધન દૌલત ખૂબ વધી ગઇ હતી. આ સંપદા સંતસેવામાં ના લગાવી તેથી તે દૌલતે તેનો વિનાશ કર્યો. આવું જ દુર્યોધન તથા શિશુપાળના જીવનમાં પણ બન્યું હતું. તમામ અનર્થો (પાપ)નું મૂળ ધન છે. અનર્થનું કારણ ધન નહી પરંતુ ધનની આસક્તિ અને લાલચ છે. વધુ પડતું ધન જૂઠો અહંકાર પેદા કરે છે. માનવની ઉંઘ હરામ કરી દે છે. રામ કરતાં ધનમાં મન વધુ લાગે છે. કંચન-કામિનીની કામનાઓ જીવ અને બ્રહ્મની વચ્ચેની મોટામાં મોટી દુર્ગમ ઘાટીઓ છે, જે જીવને પોતાના લક્ષ્ય સુધી પહોંચવા દેતી નથી.

×મહર્ષિ ચાણક્યએ કહ્યું કેઃત્રણ ચીજોમાં હંમેશાં સંતોષ રાખવોઃ પોતાની સ્ત્રીમાં.. ધનમાં તથા ભોજનમાં. ત્રણ ચીજોમાં ક્યારેય સંતોષ ના કરવોઃ અધ્યયન.. સુમિરણ (જપ) તથા સેવામાં..× ભોજન, સ્ત્રી અને ધન ત્રણે માયાનાં અત્યંત આકર્ષક રૂપ છે. ત્રણેનો પરસ્પર સબંધ છે એટલે માયામાં સંત સંતોષ રાખે છે. સંતોષ અને શાંતિ વચ્ચે ચોલી-દામનનો સબંધ છે. સંતોષ વિના મનની શાંતિ પ્રાપ્ત થતી નથી તેથી સંત ધન..વગેરેની પાછળ પોતાની શાંતિ ભંગ કરતા નથી. થોડું મળે કે વધારે મળે પરંતુ હંમેશાં નિષ્કામભાવથી સંતુષ્ટ મનથી પ્રસન્નતાપૂર્વક ભોગ કરવો જોઇએ.

સંતોએ કહ્યું છે કેઃ"Money is Good Servant but a Bad Master" ધનની લાલસા અને લોભ સંતોષથી દબાઇ જાય છે. ×બીજાઓના દોષ ના જોવા એ આઠમી ભક્તિ છે.× સંતોની દ્રષ્ટિમાં કોઇ પારકો હોતો જ નથી પરંતુ વ્યવહારમાં જોવા મળે છે કેઃ ×કંચન તજના સહજ હૈ સહજ તિયાકા નેહ,માન બડાઇ ઈર્ષા દુર્લભ તજની એહ?× ઈર્ષ્યા દ્વેષ નિન્દા ચુગલીનો જન્મ ઘૃણાથી થાય છે અને ઘૃણા બીજાઓના દોષ જોવાથી થાય છે. અમે જો બીજાઓના ગુણ જોઇશું તો શ્રધ્ધા અને પ્રેમનો જન્મ થશે. સંત હંમેશાં બીજાના ગુણ અને પોતાના દોષ જુવે છે. ×સંસારની રીત છે કેઃ બીજાના કણ જેવા દોષ દેખાય છે અને પોતાના હિમાલય જેવા દોષ દેખાતા નથી.×

×દોષ પરાયા દેખકર ચલા હસંત હસંત,અપને દોષ ન દેખઇ જિનકા આદિ ન અંત..× ભક્તના માટે પ્રતિષ્ઠા સૂઅરી વિષ્ઠા સમાન છે. ગૌરવ રૌરવ નરક સમાન છે અને અભિમાન મધપાન સમાન છે તેથી ભક્ત આ ત્રણેનો ત્યાગ કરીને સુખપૂર્વક રહે છે. ×માન-પ્રતિષ્ઠા મોટા મોટા સંતો તથા કહેવાતા ભક્તોમાં પણ જોવા મળે છે.×

ભક્તિનું અંતિમ સોપાનનું વર્ણન કરતાં ભગવાન શ્રી રામ શબરીજીને સમજાવે છે કેઃ ×નવમ સરલ સબ સન છલહીના,મમ ભરોસ હિય હરષ ન દીના..× (માનસઃ૩/૩૬/૩) સરલ હૃદય હોવું અને નિષ્કપટ હોવું આ બન્નેનો ભાવ એક જ છે. ×નવમી ભક્તિમાં ભગવાને ભક્તના ત્રણ ગુણોની ચર્ચા કરી છે. (૧)હૃદયની સરળતા અથવા નિશ્ચલ વ્યવહાર.. (૨)ફક્ત પોતાના પ્રભુ પર ભરોસો(વિશ્વાસ) રાખવો અને (૩)માયાના સુખ-દુઃખમાં સુખી દુઃખી ના થવું,સમભાવ રાખવો.×

પ્રભુના ભક્ત મન વચન અને કર્મમાં એકરસ રહે છે એટલે કે તેમના વિચાર, કહેની અને રહનીમાં ક્યાંય કુટિલતા (છળ) હોતી નથી. જ્યારે પ્રભુ અને તેમનું જ્ઞાન ભક્ત ભુલી જાય છે, પોતાના-પારકાનો ભેદ કરવા લાગે છે ત્યાં માનવ કપટ કરવા લાગે છે. ×બાઇબલમાં કહ્યું છે કે બાળક જેવો ભોળો(સરળ હૃદય) વ્યક્તિ જ પ્રભુનો ઉપદેશ તથા ભક્તિનો અધિકારી છે.×

જે પ્રભુ પ્રેમની વાતો કરે છે અને મન માયાના ભોગોમાં લાગેલું રહે છે તે ભક્ત કહેવાતો નથી. ×નિરંકારી મિશનના પ્રસિદ્ધ ગ્રંથ અવતારવાણીમાં કહ્યું છે કે કર્મ છે સઘળા પશુઓ જેવા પણ માનવની કાયા છે, ગુણ નહી કોઇ માનવ જેવા છળકપટ એને પ્યારા છે, ઉંજળાં કપડાં તન પર ધારે પણ મનમાં મેલ સમાયો છે, ભવસાગર એ તરી નથી શકતો વ્યર્થનો ભાર ઉઠાવ્યો છે." (અવતારવાણીઃ૧૫૬) સદગુરૂની સેવામાં છળકપટ ભક્તિમાર્ગના પથિકને પતન તરફ લઇ જાય છે. અર્જુન(ભક્ત) અને ભગવાન કૃષ્ણ મહાભારતનાં પાત્રો હોવા છતાં પ્રતિક છે. અર્જુનનો અર્થ છેઃ જેનામાં આર્જવતા-સરળતા હોય તે.. કૃષ્ણનો અર્થ છેઃપોતાની તરફ આકર્ષિત કરનાર.. જે તમામને આકૃષ્ટ કરે છે તે કૃષ્ણ છે.(બ્રહ્મવૈવર્ત પુરાણ). આમ દરેક યુગના સદગુરૂ કૃષ્ણ જ હોય છે અને ભક્ત અર્જુન એટલે કેઃ સરળ હૃદય. હૃદયની સરળતા વિના કૃષ્ણ(સદગુરુ)ના કૃપાપાત્ર બની શકાતું નથી.

ભક્ત ફક્ત પોતાના પ્રભુનો જ ભરોસો રાખે છે. ભક્તિમાં અનન્યતા આવશ્યક છે. અનન્યતાનો અર્થ છેઃ ફક્ત એકની સાથે જ પ્રેમ કરવો. ભક્તનો ભગવાન(સદગુરૂ) ઉપર જ પ્રેમ હોય છે. સંસારના અન્ય સગાં-સબંધી, ભાઈ-બંધુ પરીવાર વગેરે સાથે તો તે કર્તવ્યનું પાલન કરે છે તેમના મોહમાં ફસાતા નથી, તે ફુલને નહી મૂળને સિંચે છે. ×એકહું સાધે સબ સધે,સબ સાધે સબ જાય,રહિમન સિંચો મૂલકો,ફુલે ફલે અધાય..×

તમામ સહારાઓ-ભરોસાઓ ત્યાગીને જે રામને ભજે છે તે ભવસાગરથી તરી જાય છે તેમાં કોઇ સંદેહ નથી. પ્રભુના ભક્ત હંમેશાં સમભાવમાં રહે છે. માયાના સુખમાં સુખી કે દુઃખમાં દુઃખી થતા નથી, તે સુખ-દુઃખ,લાભ-હાની અને વિજય-પરાજયમાં પોતાના મનની સ્થિમતિ સમાન રાખે છે. શરીરથી કાર્યો કરવા છતાં પોતાનું મન પોતાના પ્રભુમાં જ લગાવેલું રાખે છે અને પ્રભુની પાસે પ્રાર્થના કરે છે કેઃ ×કર સે કર્મ કરૌ બિધિ નાના,મન રાખો જહાં કૃપા નિધાના..×

ભક્તિમાં સમભાવની સ્થિતિ જેટલી વધુ હોય છે તેટલી જ્ઞાનમાં દ્રઢતા વધુ આવે છે. કહેવા ખાતર કોઇ કહે કે મેં સદગુરૂની કૃપાથી પ્રભુનાં દર્શન કર્યા છે પરંતુ તેની ખબર તેના વ્યવવહારીક જીવનથી પડે છે. ×જ્ઞાનનાં ત્રણ સોપાન છેઃ પ્રભુને જાણવા.. તેમને જીવનમાં કર્મરૂપમાં ઉતારવું અને પ્રભુમય બની જવું.×

×તુલસી મમતા રામ સૌ,સમતા સબ સંસાર,રાગ ન રોષ ન દોષ દુઃખ,દાસ ભયે ભવપાર..× તુલસીદાસજી વિચરીત રામચરીત માનસમાં શબરી-રામના પ્રસંગમાં ભગવાન શ્રી રામના મુખારવિંદથી કહેવામાં આવેલ નવધા ભક્તિ મહત્વપૂર્ણ છે કારણ કેઃ ભક્તિનું આ સ્વરૂપ મોટાભાગના લોકો ભૂલી ગયા છે. ઘરબારનો ત્યાગ કરીને રામ રામનો જપ કરવો તેને જ ભક્તિ કહેવામાં આવે છે. ×નવધા ભક્તિમાં ગુરૂ પદ પંકજ સેવા તિસરી ભક્તિ અમાન બતાવીને સિધ્ધક કર્યું છે કેઃ વર્તમાન સદગુરૂના ચરણ અથવા તત્વનિષ્ઠ સંતના પદ પંકજ જ પૂજ્ય છે. આ જ ભક્તિનું કેન્દ્ર બિન્દું છે.× ×ગુરુ ચરણામ્બુજ નિર્ભર ભક્ત.. કહીને આદિ શંકરાચાર્યજીએ પણ આ મતને સમર્થન આપ્યું છે.× જે વ્યક્તિ સંત (સદગુરૂ) જ્ઞાન અને કર્મને છોડીને ભક્તિ કરે છે તે ભક્તિના રહસ્યને જાણી શકતા નથી, તેમને શાસ્ત્ર-સંતોના અનુભવ અને આ નવધા ભક્તિ સબંધી રામના કથનથી લાભ ઉઠાવવો જોઇએ કારણ કેઃ ગોસ્વામી તુલસીદાસજી ભક્તિના માટે જ્ઞાન-ગુરુ અને કર્મ(સેવા)ને અનિવાર્ય માને છે. ગુરૂ પ્રદત્ત બ્રહ્મજ્ઞાનના પાવન જળમાં સ્નાન કર્યા બાદ જ રામ ભક્તિ હૃદયમાં ઉત્પન્ન થાય છે.

નવધા ભક્તિનો પહેલો સંદેશ એ છે કેઃ હરિની ભક્તિ ગુરૂજ્ઞાન અને કર્મ (સેવા) વિના થઇ શકતી નથી. સેવા-સુમિરણ અને સતસંગના માધ્યમથી ભક્ત પોતાના પ્રભુ સાથે દરેક સમયે જોડાયેલો રહે છે. બ્રહ્મજ્ઞાન પછી જ્ઞાનીને પણ ભક્તિની અનિવાર્ય આવશ્યકતા છે.

×રામચંદ્રકે ભજન બિનુ જો યહ પદ નિર્વાણ,જ્ઞાનવંત અપિ સો નર પશુ બિનુ પૂંછ સમાન..× ×વર્તમાન સમયમાં સંત નિરંકારી મિશનના સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજ× પોતાની દયા દ્રષ્ટિથી જિજ્ઞાસુઓને તથા મુમુક્ષુઓમાં આ જ ભક્તિ સરળતાથી પ્રાપ્ત કરાવે છે." ભક્તિમણીને પ્રાપ્ત કરીને પોતાના મનમાં વિશેષ શાંતિનો અનુભવ કરીને લેખક સદગુરુના ચરણોમાં કોટિ કોટિ નમસ્કાર કરે છે તથા તુલસીદાસજીના શબ્દોમાં નમ્ર નિવેદન કરે છે કે ×જાઉં કહાં તજી ચરણ તિહારે,તાતો નામ પતિત પાવન જગકો અતિ દીન પિયારે..×

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ગાંધીનગર જિલ્લાના પ્રિમોન્સુન પ્લાન તૈયાર કરવા સબંધિત અધિકારીઓ સાથે જિલ્લા કલેકટરશ્રીની બેઠક યોજાઇ

ગાંધીનગરઃ શનિવારઃ

ગાંધીનગર જિલ્લાનો પ્રિમોન્સુન પ્લાન તૈયાર કરવા માટે આજરોજ જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઇ હતી.

જિલ્લા કલેકટરશ્રીએ પ્રિમોન્સુનની તૈયારીઓ માટે જિલ્લાના મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, નગરપાલિકાના ચીફ ઓફિસરોને ગ્રામ્ય અને નગર ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અપડેટ કરવા, તરવૈયા અને રેસ્ક્યુ ટીમો તૈયાર કરવા, પૂરના કારણે સ્થળાંતર થયેલ હોય તેવા વિસ્તારો ચકાસી વૈકલ્પિક વ્યવસ્થા કરવા, નીચાણવાળા વિસ્તારોના ઝૂંપડાઓમાં વસતા નાગરિકોને ભારે વરસાદ કે પૂરની સ્થિતિમાં સમયસર ચેતવણી મળે અને સલામત સ્થળે ખસેડવા સુરક્ષિત સ્થળો ચકાસવા જી.ઇ.બી. પાણી પુરવઠા, સિંચાઇ અને એસ.ટી. વિભાગ સાથે સંપર્કમાં રહેવા તથા ટેલિફોન નંબરો અપડેટ કરવા જણાવ્યું હતું.

કલેકટરશ્રીએ જિલ્લામાં આવેલી કાંસની સફાઇની કામગીરી ખાસ કરવા જણાવ્યું હતું. આ અંગે થયેલ કામગીરીની વિગત પણ સંબંધિત અધિકારી પાસે માંગી હતી. તેમજ કેનાલ – રસ્તાના બાંધકામના કારણે પાણીના કુદરતી વહેણમાં અવરોધ બનતા હોય તેવા અવરોધોનો તાત્કાલિક નિકાલ કરવા નદીના પટમાં શાકભાજી વાડને તાત્કાલિક અસરથી દુર કરાવવા, વરસાદી પાણીના નિકાલમાં નગર સેવા સદનના વિસ્તારોમાં ઝૂંપડપટ્ટી થઇ હોય અથવા કચરો ઠાલવીને અવરોધ ઉભો કરવામાં આવ્યો હોય તો તે દુર કરાવવા પણ સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. કલેકટરશ્રીએ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને રોગચાળો ન ફેલાય તે માટે સ્વાસ્થ્ય સબંધિત તાકીદના પગલાં માટે મેડિકલ ટીમો સાથે દવાઓના પૂરતો જથ્થો ઉપલબ્ધ રાખવા જણાવ્યું હતું.

યુ.જી.વી.સી.એલ.ના કા.પા.ઇ.શ્રીને વીજ પુરવઠો જાળવી રાખવા, વાવાઝોડાના કારણે પડી ગયેલ ઈલેક્ટ્રીક થાંભલા ઉભા કરવા તેમજ વીજ પૂરવઠો પૂર્વવત થાય તે માટે તમામ વ્યવસ્થાની તૈયારીઓ કરવા જણાવ્યું હતું. નગરપાલિકાના ચીફ ઓફિસરોને જેસીબી મશીન, બુલડોઝર, પાણીના ટેક્કર તેમજ મજૂરો તૈયાર રાખવા, જાન-માલના કિસ્સામાં મૃતદેહો સંભળવા, સોંપવા તથા નિકાલ કરવાની તૈયારીઓ રાખવા જણાવ્યું હતું. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને આશ્રયસ્થાનો માટે ઉપયોગમાં લેવાની શાળાઓના મકાનની ચકાસણી કરવા અને શાળાઓમાં અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરવા પણ કલેકટરશ્રીએ જણાવ્યું હતું. મદદનીશ આર.ટી.ઓને જરૂરી વાહનો સાથે



ઈન્સ્પેકારોની ટીમ તૈયાર કરવા તેમજ જિલ્લાના કાયમી આશ્રય સ્થાનોની વિગત મેળવી તેના રૂટ તૈયાર કરવા જણાવ્યું. વાહન વ્યવહારના વિભાગીય નિયામકને સ્થળાંતર માટે જરૂરિયાત મુજબ એસટીઓ પૂરી પાડવા તથા બંધ અને શરૂ થતા રૂટ અંગેની માહિતી જનતાને સમયસર મળી રહે તે માટે કંટ્રોલ રૂમની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. જિલ્લા પુરવઠા અધિકારીશ્રીને જિલ્લામાં સ્થળાંતર થયેલ અસરગ્રસ્તોને આશ્રય સ્થાનો, ઉપર ફુડ પેકેટ મળી રહે તે માટેની વ્યવસ્થા સ્વૈચ્છિક સંસ્થાઓના સંકલનથી ગોઠવવા પ્લાન તૈયાર કરવા જણાવ્યું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુરભિ ગૌત્તમ, નિવાસી અધિક કલેકટરશ્રી રીતુ સિંગ, નાયબ જિલ્લા પોલીસ વડા શ્રી એમ.જે. સોલંકી, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, ચીફ ઓફીસરશ્રી, નગર પાલિકા સહિત તમામ જિલ્લા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરમાં વડનગર ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં ભાગ લેવા આવેલા ૭૦થી વધુ પ્રતિનિધિઓએ વડનગરની રૂબરૂ મુલાકાત લીધી



વડનગરની ધરતીમાં જ એવું કંઇક છે કે,જગત બદલાયું, શહેરોનાં શહેરો બદલાયાં, વડનગર બદલાયું નથી. ૨૫૦૦ વર્ષ સુધી વડનગરના લોકો પોતાનું ગામ છોડીને ક્યાંય ગયા નથી. વડનગરનાં સંશોધન પરથી એ પુરવાર થયું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી દેશમાં ઉજવાઇ રહેલા આઝાદીના અમૃત મહોત્સવના ભાગ રૂપે કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક બાબતોના મંત્રાલય, રાજ્ય સરકારના રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અને સંગ્રહાલય નિયામકના સહયોગથી 'વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ' ગાંધીનગરમાં યોજાઇ હતી.

આ 'વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ'માં ભાગ લેવા આવેલા સાહિત્ય, ઇતિહાસ, પુરાતત્ત્વ, મ્યુઝિયમ જેવાં વિષયો ઉપર કાર્યરત એવા દેશ-વિદેશના નિષ્ણાતો, અભ્યાસુઓ, લેખકો, સંશોધકો અને વિદ્યાર્થીઓ સહિતના ૭૦થી વધુ પ્રતિનિધિઓએ, કોન્ફરન્સના અંતિમ દિવસે વડનગરની ઉત્સાહપૂર્વક રૂબરૂ મુલાકાત લીધી હતી.

આ પ્રતિનિધિઓએ વડનગરનાં ઐતિહાસિક સ્થળો બુદ્ધિસ્ટ મોનેસ્ટ્રી, કીર્તિ તોરણ અને આંતરરાષ્ટ્રીય કક્ષાનાં નિર્માણાધીન એક્સપેરિયન્સલ મ્યુઝિયમ સાઇટની મુલાકાત લઇ, ૨૫૦૦ વર્ષ જૂની સંસ્કૃતિની ઝીણામાં ઝીણી વિગતો મેળવી હતી.

આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા નિર્માણાધીન એક્સપેરિયન્સલ મ્યુઝિયમ સાઇટ ઉપર, વડનગરની અલગ અલગ જગ્યાએથી ખોદકામ દરમિયાન મળેલી વસ્તુઓ અને અવશેષોનાં યોજાયેલાં પ્રદર્શનને પણ, આ પ્રતિનિધિઓએ નિહાળ્યું હતું. આ પ્રતિનિધિઓમાં ગ્રીસ,લંડન, જાપાન, વારાણસી,પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ,મહારાષ્ટ્ર સહિતના રાજ્યોની ભારતની વિવિધ યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલર્સ,પ્રોફેસરો,અમદાવાદ અને વડોદરાના પ્રોફેસરોનો સમાવેશ થાય છે.

ત્યારબાદ હૉટલ તોરણ ખાતે યોજાયેલા એક સમારોહમાં આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, દેશ-વિદેશમાંથી આવેલા સૌ કોઇનું વડનગરની ધરતી ઉપર સ્વાગત છે. અહીંની ઊર્જા આખી દુનિયામાં અનુભવાઇ રહી છે.બૌદ્ધ સાધુઓ અહીં પરિભ્રમણ કરતા હતા.અહીંના પથ્થરો પણ બોલે છે.સરકાર ધરોઇ ડેમ,તારંગા,વડનગર,અંબાજી એમ ટુરિઝમની એક આખી સર્કિટ બનાવી રહી છે.

આ પ્રસંગે મુખ્ય સચિવશ્રી પંકજકુમારે કહ્યું હતું કે, હું વડનગર આવું તો અહીંની હવા પણ વાત કરે છે.દુનિયામાં કોઇ એવી જગ્યા નથી જ્યાં ૨૫૦૦ કે ૩૦૦૦ વર્ષથી આત્માઓ, તપસ્વીઓ, સાધુઓ અને માણસોનો વાસ હોય.એ અહીંની ઊર્જા છે. એ ઊર્જાને હું અનુભવી રહ્યો છું. દુનિયા આખી વડનગરને જોવા - જાણવા આવશે,એ પ્રકારે સરકાર કામ કરી રહી છે.

આ અવસરે શિક્ષણ વિભાગના અગ્ર સચિવશ્રી એસ.જે.હૈદર,રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના અગ્ર સચિવશ્રી અશ્વિનીકુમાર, જિલ્લા કલેક્ટર શ્રી ઉદિત અગ્રવાલ,સામાજિક અગ્રણી શ્રી સોમાભાઇ મોદી, જિલ્લા વિકાસ અધિકારી ડૉ.ઓમ પ્રકાશ, આર્કિયોલોજી સર્વે ઓફ ઇન્ડિયા,નવી દિલ્હીના અધિકારીઓ, આર્કિયોલોજી વિભાગના ઉચ્ચ અધિકારીઓ, ઈન્ચાર્જ નિવાસી અધિક કલેકટર એસ.ડી.ગિલવા અને મહેસાણાના અને ગાંધીનગરના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કામધેનુ યુનિવર્સિટી ના પ્રોફેસર ને બેસ્ટ પીએચડી થેસીસનો એવોર્ડ રાષ્ટ્રીય પરિસવાદમા અનેયાત કર્યો



હિમાચલપ્રદેશ ના પાલમપુર ખાતે આવેલ વેટેરિનરી કૉલેજ તારીખ ૬ થી ૮ મે ના રોજ યોજેયલ ૪ થી રાષ્ટ્રીય પરિસવાદ મા નવસારી કેન્દ્ર ના વેટેરિનરી કૉલેજ ના પશુપાલન અને વિસ્તરણ શિક્ષણ ના મદદનીશ પ્રધ્યાપક ડો. આર. એસ. ઘાસુરા ને વર્ષ ૨૦૨૧ ના બેસ્ટ પીએચડી નો એવોર્ડ મુખ્ય મેહમાન એવા ડો. બી એન. ત્રિપાઠી (ડેપ્યુટી ડાયરીક્ટર આઈ સિ આ આર ન્યૂ દિલ્હી ) હાજરી મા આપવામાં આવેલ હતો. આ પ્રંસગે આચાર્ય શ્રી ડો. વી. બી. ખરાદી અને ફેકલટી મેમ્બર્સ દારા શુભેચ્છાઓ અને વિવધ એકેડેમીક પ્રવૃત્તિ દારા કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગર અને વેટેરિનરી કૉલેજ નું નામ ઉજવળ કરો તેવી પ્રેણા આપી હતી. ડો આર. એસ ઘાસુરા દારા કામધેનુ યુનિવર્સિટી ના અધિકારી ગણ અને કુલપતિ શ્રી ડો એન. એચ કૈલાવાલા સાહેબ આ રાષ્ટ્રીય કક્ષા ના ઈવેન્ટ મા હાજર રહેવા બદલ આભાર માન્યો હતો....

# રેશનકાર્ડ ધારકોને તેમના રેશનકાર્ડ સંબંધિત કોઈપણ માહિતી "My Ration" Mobile app પરથી મેળવી શકશે

ગાંધીનગરઃ શનિવારઃ

જાહેર વિતરણ વ્યવસ્થામાં નાગરિકોને સુગમતા રહે તે હેતુસર ભારત સરકાર દ્વારા "Mera Ration" Mobile App તૈયાર કરવામાં આવી છે. તેમજ જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક અને અસરકારક બનાવવા તથા નાગરિકોને રેશનકાર્ડની ઓનલાઈન સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા વહીવટી સુધારણાના ભાગરૂપે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ ધ્વારા NIC-Gujará ના સહયોગથી ભારત સરકારની "Mera Ration" Mobile app ના આધારે "My Ration" Mobile ă તૈયાર કરવામાં આવી છે, તેવું જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ જણાવ્યું છે.

જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ વધુમાં જણાવ્યું છે કે, આ ગવર્નમેન્ટ ટુ સિટીઝન (G2C) એપ્લિકેશન છે. જેમાં જાહેર વિતરણ વ્યવસ્થા અને રેશનકાર્ડને લગતી જુદી- જુદી માહિતી ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. "My Ration" Mobile ap̆ રેશનકાર્ડધારકોની સ્થાનિક જરૂરીયાત ધ્યાને લઈને ડિઝાઈન કરવામાં આવી છે, જેમાં દરેક દ્બજીછ રેશનકાર્ડધારક તેના રેશનકાર્ડની વિગતવાર માહિતી, પરિવારના સભ્યોની વિગતો, પોતાને મળવાપાત્ર જથ્થાની વિગત, જથ્થાની કિંમત, છેલ્લા ૬ માસના જથ્થાના વિતરણની વિગત વગેરે પ્રકારની પ્રાથમિક માહિતી મેળવી શકે છે. મોબાઈલ એપ્લિકેશનની વિગતો આપતાં તેમણે જણાવ્યું છે કે, એપ્લિકેશનમાં વપરાશકર્તાએ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈ.ડી.નો ઉપયોગ કરીને પોતાને રજીસ્ટર કરાવવાનું રહેશે. અહી મોબાઈલ નંબર ફરજીયાત રહેશે. દરેક રેશનકાર્ડધારક પોતે વાપરતા હોઈ તે જ મોબાઈલ નંબર દાખલ કરે તે ખુબ જરૂરી છે. નોંધણી પછી વપરાશકર્તા એપ્લિકેશનમાં પ્રવેશ કરી શકે છે.તેમણે ઉમેર્યું છે કે, આ એપ થકી વપરાશકર્તા તેના રેશનકાર્ડ નંબર દાખલ કરીને રેશનકાર્ડની વિગત અને પરિવારની વિગતો મેળવી શકે છે. તેની સાથે રેશનકાર્ડ સાથે જોડાયેલ વાજબી ભાવની દુકાનની વિગતો પણ મેળવી શકે છે. તેમજ પોતાને મળવાપાત્ર જથ્થાની પણ વિગતો મેળવી શકે છે. તેની સાથે છ માસમાં કેટલો જથ્થો મેળવ્યો છે. તે પણ જાણી શકે છે. આ એપ થકી રેશનકાર્ડ ધારક દુકાનેથી જથ્થાની ખરીદી બાદ તેમના રેશનકાર્ડ પર થયેલ વિતરણ અંગેના બિલની રસીદ મેળવી શકે છે. આ એપ થકી રેશનકાર્ડને લગતી સેવાઓ જેવી કે રેશનકાર્ડમાં નામ ઉમેરવું-કમી કરવું, સરનામમાં સુધારો કરવો, કાર્ડ વિભાજન, ડુપ્લિકેટ રેશનકાર્ડ, નવું રેશનકાર્ડ કઢાવવા જેવી સેવાઓ માટે રાજય સરકારના Digital Gujará પ્લેટફોર્મ પર ઓનલાઇન અરજી કરી શકે છે. આ માટે લિંક એપ્લિકેશન આપવામાં આવેલી છે. તેમજ રેશનકાર્ડધારક જાહેર વિતરણ વ્યવસ્થાને લગતી રજુઆતો માટે ઓનલાઇન ફરિયાદ કરી શકીએ છીએ. પોતાના પ્રતિભાવ પણ ઓનલાઇન રજૂ કરી શકે છે.

# ભારતીય તટરક્ષક દળે સમુદ્રમાં ઈજાગ્રસ્ત માછીમારને બચાવ્યો

અમદાવાદ

ભારતીય તટરક્ષક દળના જહાજ ઝ ૪૧૯ દ્વારા હવામાનની પ્રતિકૂળ સ્થિતિ વચ્ચે પણ મુશ્કેલ સમુદ્રમાં 'ધન પ્રસાદ' નામની એક હોડીમાંથી બેભાન થઇ ગયેલા માછીમારને બચાવ્યો છે. આ માછીમારને સલામત રીતે હોડીમાંથી બહાર કાઢવાની કામગીરીનું સંકલન ભારતીય તટરક્ષક દળ સ્ટેશન, પીપાવાવ દ્વારા કરવામાં આવ્યું હતું જેમને જાફરાબાદના માછીમાર એસોસિએશન તરફથી સંદેશો મળ્યો હતો કે, તેમનો એક ક્રૂ મેમ્બર ઈજાગ્રસ્ત સ્થિતિમાં છે.



આ માહિતી પ્રાપ્ત થતા જ, ICGએ સંકલિત ઓપરેશનમાં પોરબંદરથી એક હેલિકોપ્ટર લોન્ચ કર્યું હતુંઅને હાઈસ્પીડ માટેસક્ષમ એક સેઈલ શિપ પણ પીપાવાવથી મોકલવામાં આવ્યું હતું. ઝડપથી સમુદ્રી અને હવામાં હાથ ધરવામાં આવેલા સહયોગપૂર્ણ ઓપરેશન પછી, ICGના હેલિકોપ્ટરને હોડી મળી આવી હતી અને તેમણે આ બોટ સુધી ઝડપથી પહોંચવા માટે ICGના જહાજને મદદ કરી હતી.ICGના જહાજે તાત્કાલિક ધોરણે મેડિકલ ટીમને માછીમારીની હોડી પર મોકલી હતી અને દર્દીને પ્રાથમિક સારવાર આપ્યા પછી તેની સ્થિતિ સ્થિર થઇ હતી અને દર્દીને બહાર કાઢવામાં આવ્યો હતો. ત્યારબાદ,ICG નું જહાજ પીપાવાવ બંદરમાં પ્રવેશ્યું હતું અને વધુ સારવાર માટે તેને હોસ્પિટલમાં લઇ જવા અને વધુ તબીબી સંભાળ માટે માછીમાર એસોસિએશનને દર્દી સોંપી દીધો હતો. માછીમારની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. છેલ્લા ૪૮ કલાકમાં આ બીજી એવી ઘટના છે જેમાં ઈજાગ્રસ્ત માછીમારને ICG દ્વારા સમુદ્રમાંથી સલામત રીતે બહાર કાઢવામાં આવ્યો છે.

# બ્રેઇનડેડ નિધીના પરિજનોએ અંગદાન કરીને ૫ જરૂરિયાતમંદના જીવનનો દીપ પ્રજવલ્લિત કર્યો

જામનગરમાં રહેતા શ્રીવાસ્ત પરિવારના મોભી સોનુલાલ વારાણસી ગયા હતા. પ્રેમ ,વ્હાલ અને વાત્સલ્યની લાગણીઓ વચ્ચે ઉછરીને મોટી થયેલ નિધીના લગ્ન નક્કી કરવા. બાળપણથી પ્રેમ અને સ્નેહ વચ્ચે ઉછરેલી નિધી હવે અન્યોના પ્રેમ અને લાગણીઓ સાથે જોડાવવા જઇ રહી હતી.જામનગરથી વારાણસી જતી વખતે મુસાફરી દરમિયાન નિધીના સમગ્ર પરિવારે મનોમન લગ્નની સંપૂર્ણ તૈયારીઓ પણ કરી લીધી હશે. સગાઇ થી લઇ કપડાની ખરીદી, ઠાઠ-માઠ થી લગ્ન કરવાની તડામાર તૈયારીનું મોજુ મનમાં ફરી ગયું હશે..આ તમામ વચ્ચે એકાએક કિસ્મતનું વંટોળ આવ્યું અને સોનુલાલને પિતા કહેનારી દિકરી તેમનાથી વિખૂટી પડી ગઇ.

જામનગરમાં વસતા અને મૂળ વારાણસીના શ્રીવાસ્તવ પરિવારની નિધીને માથાના ભાગમાં ઇજા થતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. સારવાર દરમિયાન ક્ષણ માટે પણ એમ નહોતું લાગ્યું કે નિધી જીવન ટૂંકાવી દેશે. પરંતુવિધાતાએ નિધીના લેખ કંઇક અલગ જ સ્યાહી થી લખ્યા હશે. ૪ દિવસની સઘન સારવારના અંતે નિધીને બ્રેઇનડેડ જાહેર કરવામાં આવી. બ્રેઇનડેડ થયા બાદ નિધીના પિતાએ પોતાની દિકરીને અન્યોમાં જીવંત રાખવા અંગદાનનો નિર્ણય કર્યો. નિધી, શ્રીવાસ્ત પરિવારથી જૂદી તો થઇ ગઇ પરંતુ તેની લાગણીઓ અને પરોપકારવૃતિ દ્વારા તે અન્યોના પરિવારનો અભિન્ન અંગ બની ગઇ.

અંગદાનમાં મળેલ નિધીનું કોમળ અને ઋજુ સ્વભાવ ધરાવતું હ્રદય, તેની બંને કિડની, લીવર અને સ્વાદુપિંડનું દાન મળ્યું.

જે અન્ય જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવશે. નિધી તો શ્રીવાસ્ત પરિવાર થી છૂટી પડી પરંતુ અન્ય ૫ વ્યક્તિઓ અને પરિવાર થકી અંદાજીત ૨૫ ને નવજીવન આપી ગઇ. કેમકે અંગદાનમાં મળેલા અંગોથી એક વ્યક્તિનું જીવન સુધર્યુ અને આખાય પરિવારના સંઘર્ષનો કદાચિત અંત આવ્યો. સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ આ ભાવૂક ક્ષણે ભાવસભર સ્વરે કહે છે કે, નિધી જેવા કેટલાય યુવાન લોહીં કે જેમણે પોતાની પ્રતિભાથી રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવાનું હતુ તેઓ વિધીના લેખ આગળ ઘૂંટળીયા ટેકી ગયા. પરમાત્માં સામે તો કોઇનુંય ચાલતુ નથી. પરંતુ હા પરમાત્માની મરજી બાદ પરિવારજનોનો આત્મા જ્યારે અંગદાનની મંજૂરી આપે છે ત્યારે તે કદાચ પરમાત્મા સાથે પોતાના સ્વજનનું મિલન કરાવે છે.

નિધીના અંગ દાનથી સિવિલ હોસ્પિટલમાં ૧૦૦ કિડનીના દાન પૂર્ણ થયા છે. અત્યારસુધીમાં સિવિલ હોસ્પિટલમાં ૬૨ અંગદાતાઓના અંગદાન થી મળેલા કુલ ૧૯૫ અંગોથી ૧૭૩ વ્યક્તિઓને નવજીવન મળ્યું છે.

થોડા દિવસ અગાઉ અંગદાન વિષે લખતી વખતે અંગદાનની પ્રક્રિયા સાથે સંકળાયેલા એક સ્વાસ્થય કર્મીને અંગદાનની પ્રક્રિયા દરમિયાનની સંવેદનશીલ ક્ષણ વિશે પૂછતા પ્રત્યુત્તરમાં તેમણે જણાવ્યું કે, જ્યારે આઇ.સી.યુ.માં કોઇ યુવાન દર્દીનું મૃત્યું કે તે બ્રેઇનડેડ થાય છે તે અમારા માટે વધું લાગણીસભર ક્ષણ હોય છે. જીવનના ગણતરીના વર્ષો વિતાવ્યા હોય, જીંદગીને જીવતા હજૂ તો શિખ્યા હોય અને ત્યાં જીંદગી મૃત્યુ સમીપે પહોંચી જાય તેનાથી દુઃખદ વળી શું હોઇ શકે ?

અમિતસિંહ ચૌહાણ

# વોર્ડ નં.૭ ના અગ્રણી કાર્યકર્તાઓ વિદેશ પ્રવાસ જતા પદાધિકારીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવી



પાટણ નગરપાલિકા વોર્ડ નં.૭ ના અગ્રણીઓ એવા પાટણ જિલ્લા ભાજપ મહિલા મોરચાના મહિલા અગ્રણી કાર્યકર્તા શ્રીમતી રંજનબેન પટેલ અને બજરંગ દળ, પાટણના પૂર્વ પ્રમુખશ્રી નવીનભાઈ પટેલ આવતીકાલે ઓસ્ટ્રેલિયાના પ્રવાસ જનાર હોઈ, તેઓના વોર્ડ નંબર ૭ ના જોગીવાડા ખાતેના નિવાસસ્થાને પાટણ શહેર ભાજપ ઉપપ્રમુખ સંજયભાઈ પટેલ, વોર્ડ નંબર ૭ શક્તિકેન્દ્ર ના સંયોજક જીગ્નેશ સોની, પાટણ નગરપાલિકાના કોર્પોરેટર રાજેન્દ્ર કે. હિરવાણીયા, કાર્યકર્તા અનીશભાઈ નાંદી એ રૂબરૂ મુલાકાત કરી બંનેનું શાલ ઓઢાડીને વિદેશ પ્રવાસની શુભકામનાઓ પાઠવી હતી. પ્રખર હિન્દુત્વવાદી નવીનભાઈ પટેલના ભૂતકાળના કાર્યોને યાદ કર્યા હતા. તેઓએ બજરંગ દળના પ્રમુખ તરીકે કરેલ કાર્યો ના રસપ્રદ કિસ્સાઓ તેમની સાથે વાગોળ્યા હતા. તેમજ રંજનબેન પટેલ ની પાટણ શહેર અને વોર્ડ માં કરેલ કામગીરીની સરાહના કરી વોર્ડ નંબર ૭ ના અગ્રણી કાર્યકર્તઓ નવીનભાઈ પટેલ અને શ્રીમતી રંજનબેન પટેલ અને તેમના પરિવારને એડિલેડ, ઓસ્ટ્રેલિયાના વિદેશ પ્રવાસ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ચાણસ્મા ખાતે કોંગ્રેસ સમિતિ દ્વારા છાસ વિતરણ કરાયું

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

સ્વ રાજીવ ગાંધીની ૩૧મી પૂણ્યતિથી નિમિત્તે આજરોજ ચાણસ્મા ખાતે કોંગ્રેસ સમિતિ દ્વારા છાસ નું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકોએ બળબળતી ગરમીમાં છાશ પીવા નો લાભ લીધો હતો




મળતી વિગતો મુજબ પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ખાતે આવેલ બસ સ્ટેન્ડ ની સામે સ્વ રાજીવ ગાંધીની ૩૧મી પૂણ્યતિથી નિમિત્તે પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશ ઠાકોરની સૂચનાથી અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શંકરજી ઠાકોર ના માર્ગદર્શન હેઠળ તેમજ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનુભાઈ રબારી ના માર્ગદર્શન હેઠળ આજરોજ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીની પુણ્યતિથી નિમિત્તે ચાણસ્મા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા છાસ વિતરણ નું આયોજન જેમાં કોંગ્રેસ ડેલિકેટ દિનેશજી આતાજી ઠાકોર, તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનુભાઈ રબારી, જિલ્લા ઉપપ્રમુખ રાજુલભાઈ પટેલ, નારણભાઈ રાવળ, દિનેશભાઇ નાઈ, સરતાનજી ઠાકોર, અભુજી ઠાકોર, માધવલાલ પટેલ, ભાવેશ પટેલ સહિતના મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહી સાચો વિતરણના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો આ બાબતે પ્રદેશ ડેલિકેટ દિનેશ ઠાકોર જણાવ્યું કે ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ.રાજીવ ગાંધીની ૩૧મી પુણ્યતિથિ હોય તેમજ અત્યારે ઉનાળામાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે ત્યારે શહેરની અંદર આવતા લોકો માટે છાસ નું વિતરણ કરવામાં આવ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.